

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 313
Dt.: 18-09-2025,
Thursday
Page:04
Rs.00.50 paisa



EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### જન્મદિવસ પર પાકિસ્તાનને વડાપ્રધાન મોદીનો મેસેજ

# આ નવું ભારત છે, કોઈ પરમાણુ ધમકીઓથી ડરતું નથી : વડાપ્રધાન મોદી

## મધ્યપ્રદેશના ધાર ખાતે વડાપ્રધાને ભારતના સૌથી મોટા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ પાર્કનો શિલાન્યાસ કર્યોઃ આ પહેલથી ખેડૂતોને તેમની ઉપજનું યોગ્ય મૂલ્ય મળશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બુધવારે (૧૭ સપ્ટેમ્બર) મધ્યપ્રદેશના ધારમાં કહ્યું હતું કે આ નવું ભારત છે, કોઈની પરમાણુ ધમકીઓથી ડરતું નથી. ઘરમાં ઘૂસીને મારે છે. જે આતંકવાદીઓએ માતા અને બહેનાના સિંદૂર ઉજાડ્યા તેમના ઠેકાણાઓને અમે નષ્ટ કર્યા છે. પ્રધાનમંત્રી મોદી તેમના જન્મદિવસ નિમિત્તે મધ્યપ્રદેશમાં છે. પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ પોતાના ભાષણમાં વધુ કહ્યું કે, મહર્ષિ દધિચિનો ત્યાગ માનવતાની સેવા કરવાનો સંકલ્પ આપે છે. આ જ વિરાસતમાંથી પ્રેરણા લઈને આજે દેશ મા ભારતીની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. આપણા વીર જવાનોએ પળવારમાં જ પાકિસ્તાનને ઘૂંટણિયે પાડી દીધા. ગઈ કાલે જ દેશે અને દુનિયાએ જોયું કે ફરી એક પાકિસ્તાની આતંકવાદીએ રડી-રડીને પોતાની હાલત વર્ણવી રહ્યો છે."

મધ્યપ્રદેશના ધાર ખાતે વડાપ્રધાને ભારતના સૌથી મોટા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ પાર્કનો શિલાન્યાસ કર્યો. તેમણે કહ્યું કે, આ અભૂતપૂર્વ પહેલથી ખેડૂતોને તેમની ઉપજનું યોગ્ય મૂલ્ય મળશે અને યુવાનો માટે હજારો રોજગારના દરવાજા ખુલશે. આ સાથે તેમણે કહ્યું કે, વિશ્વકર્મા જયંતિએ શરૂ થયેલ આ યાત્રા ટેક્સટાઈલ ઉદ્યોગમાં નવી ઊર્જા લાવશે અને 'મેક ઈન ઈન્ડિયા'ને નવો વેગ મળશે. પ્રધાનમંત્રી મોદીએ પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું, "આ એક નવું ભારત છે, તે કોઈના પરમાણુ ધમકીઓથી ડરતું નથી. આ એક નવું ભારત છે, તે ઘરમાં ઘૂસી હુમલો કરે છે." આજે ૧૭ સપ્ટેમ્બર, બીજો એક ઐતિહાસિક પ્રસંગ છે. આ દિવસે રાષ્ટ્રએ સરદાર પટેલના દૃઢ સંકલ્પનું ઉત્તમ ઉદાહરણ જોયું. ભારતીય સેનાએ હૈદરાબાદને અસંખ્ય અત્યાચારોથી મુક્ત કરાવ્યું અને તેના અધિકારોનું રક્ષણ કરીને ભારતનું ગૌરવ પુનઃસ્થાપિત કર્યું. આ મહત્વપૂર્ણ સિદ્ધિને દાયકાઓ વીતી ગયા પરંતુ કોઈએ તેને યાદ રાખ્યું નહીં. તમે મને આ તક આપી. અમારી સરકારે તે ઘટનાને અમર બનાવી દીધી છે."

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું, "આજે, વિશ્વકર્મા જયંતિ નિમિત્તે એક મોટી ઔદ્યોગિક પહેલ ચાલી રહી છે. દેશના સૌથી મોટા સંકલિત કાપડ પાર્કનો શિલાન્યાસ અહીં (ધાર) કરવામાં આવ્યો છે. આ પાર્ક ભારતના કાપડ ઉદ્યોગને ઉર્જા આપશે અને ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વાજબી ભાવ મળશે તેની ખાતરી કરશે. આ કાપડ પાર્ક આપણા યુવાનોની મોટી સંખ્યામાં રોજગારીનું સર્જન કરશે. હું આ પ્રોજેક્ટ્સ માટે આપણા બધા દેશવાસીઓને અભિનંદન આપું છું."

વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, "સ્વસ્થ નારી સશક્ત પરિવાર" આ અભિયાન દેશની માતાઓ અને બહેનો માટે સમર્પિત છે. એકપણ મહિલા કે જે જાણકારી કે સંસાધનના અભાવે સારવારથી વંચિત રહેતી હોય તે સ્વીકાર્ય નથી. આ અભિયાન આરોગ્ય, પોષણ અને જાગૃત્તિ દ્વારા નારીને સ્વસ્થ અને સશક્ત બનાવવાનો મહત્ત્વાકાંક્ષી પ્રયાસ છે.



# પરાળી સળગાવવા મુદ્દે સુપ્રીમ કોર્ટ ભડકીઃ અમુકને જેલમાં નાંખો તો બધા સીધા થઈ જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે દિલ્હી-એનસીઆરમાં પરાળી સળગાવવા બદલ આકરૂં વલણ દર્શાવતાં સૂચન કર્યું છે કે, વારંવાર નિયમોનો ભંગ કરતાં ખેડૂતોને જેલમાં મોકલવા જોઈએ, પરાળી સળગાવતાં અમુક લોકોને જેલભેગા કરશો તો તે બીજા માટે ઉદાહરણરૂપ બનશે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન પંચને પણ ત્રણ મહિનાની અંદર તમામ ત્રુટીઓ દૂર કરવા નિર્દેશ આપ્યો છે. દિલ્હી-એનસીઆરમાં દરવર્ષે ઓક્ટોબરમાં થતાં વાયુ પ્રદૂષણ સંબંધિત અરજીઓ પર સુનાવણી કરતાં દેશના સીજેઆઈ જસ્ટિસ બીઆર ગવઈએ આજે ૧૭ સપ્ટેમ્બરના રોજ ટિપ્પણી કરી હતી કે, પરાળી સળગાવતાં અમુક ખેડૂતો વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવી જોઈએ. સુપ્રીમ કોર્ટે વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન પંચને વાયુ પ્રદૂષણ અટકાવવાના ઉપાયો દર્શાવતો રિપોર્ટ રજૂ કરવા ત્રણ સપ્તાહનો સમય આપ્યો છે. આ ઉપરાંત વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન પંચ અને રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને વાયુ પ્રદૂષણ અટકાવવા માટે વિચાર-વિમર્શ કરી યોજનાઓ ઘડવા સૂચન કર્યું છે. ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ આ મામલે સવાલ પૂછ્યો હતો કે, અધિકારી આ મુદ્દો ઉકેલવા માટે દંડનીય જોગવાઈઓ પર વિચારણા કેમ કરી રહ્યા નથી. જો અમુક લોકોને જેલભેગા કરવામાં આવે તો તેનાથી સાચો સંદેશ મળશે. તમે ખેડૂતો માટે દંડનીય જોગવાઈના અમલ વિશે કેમ વિચારી રહ્યા નથી. પર્યાવરણની રક્ષા કરવા માગતા હોવ તો તમે પીછેહટ કેમ કરી રહ્યા છો? ખેડૂત અમારા માટે ખાસ છે. આપણે તેમના લીધે જ ભોજન આરોગી રહ્યા છે. પરંતુ તેનો અર્થ એ નથી કે, આપણે પર્યાવરણની રક્ષા કરવી જોઈએ નહીં. શું આ સળગાવવામાં આવતી પરાળીનો ઉપયોગ ઈંધણ બનાવવા માટે થઈ શકે? મેં અમુક અખબારોમાં તેના વિશે વાંચ્યું હતું. ઉલ્લેખનીય છે, પંજાબ અને હરિયાણામાં ઓક્ટોબર અને નવેમ્બરમાં પરાળી સળગાવવામાં આવતી હોવાથી તે સમયે દિલ્હીની હવા ઝેરી બને છે. તે સમયે દિલ્હીમાં વાયુ પ્રદૂષણનું સ્તર જોખમી સ્તરે પહોંચે છે. ખેડૂતોને ખેતરમાંથી પરાળી દૂર કરવા માટે તેને સળગાવી દે છે. પરાળીને ખેતરમાંથી દૂર કરવા માટે ખેતરોમાં વિશેષ મશીનોનો ઉપયોગ કરી શકાય છે. પરંતુ ખેડૂતોનો તર્ક છે કે, આ વિકલ્પ અત્યંત મોંઘો છે. આથી તેઓ પરાળીને આગ ચાંપી દે છે. દરવર્ષે પરાળીના લીધે હવામાં ચારેબાજુ ધુમાડાની સ્થિતિ સર્જાય છે. વાયુ પ્રદૂષણ અનેકગણુ વધી જાય છે.

### ઝેલેન્સ્કીને પણ આપી ચેતવણી

# રશિયાથી ઓઈલ ખરીદવા મુદ્દે ભારત બાદ યુરોપ પર ગુસ્સે ભરાયા ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સતત કડક વલણ અપનાવી રહ્યા છે.

રશિયા પાસેથી તેલ ખરીદવા બાબતે ટ્રમ્પે મંગળવારે યુરોપને આકરી ચેતવણી આપતા કહ્યું કે, યુક્રેનમાં ચાલી રહેલા સંઘર્ષના પ્રયાસો માટે રશિયાની રાજધાની મોસ્કોને મળતા ફાઈનાન્સને રોકવા માટે રશિયન તેલની ખરીદી તરત જ બંધ કરી દે. યુરોપ મારો મિત્ર છે, પરંતુ યુરોપ રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યું છે. હું નથી ઈચ્છતો કે તેઓ તેલ ખરીદે અને તેઓ જે પ્રતિબંધો લગાવી રહ્યા છે, તે પૂરતા નથી.

પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે, યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા માટે એક કરાર કરવો જોઈએ. તેમણે આગળ વધવું પડશે અને એક કરાર કરવો પડશે. ઝેલેન્સકીએ કરાર કરવો પડશે અને યુરોપે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવું પડશે. તેઓ વાતો તો કરે છે, પરંતુ તેમને રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરવું પડશે.

રશિયા-યુક્રેન યુદ્ધ વિશે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે, આવું યુદ્ધ ક્યારેય થવું નહોતું જોઈતું. આ માટે તેમણે સંઘર્ષમાં સામેલ બંને દેશોના નેતાઓ વચ્ચે દુશ્મનીને જવાબદાર ગણાવી. તેમણે કહ્યું કે, દેશ સંકટમાં છે, પરંતુ હું તેને અટકાવીને રહીશ. મેં ૮ મહિનામાં ૭ યુદ્ધો અટકાવ્યા છે. મને લાગ્યું હતું કે આ સૌથી સરળ હશે, પણ એવું નથી. ઝેલેન્સકી અને પુતિન વચ્ચે ગજબની નફરત છે. પરંતુ અમે તેને અટકાવીને રહીશું.

તાજેતરમાં, ટ્રમ્પે નાટો અને યુરોપિયન દેશોને રશિયા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે આહ્વાન કર્યું હતું. ટ્રમ્પે કહ્યું કે, તેઓ કામ કરી રહ્યા નથી. નાટોને એક થવું પડશે.

યુરોપને એક થવું પડશે. હું પ્રતિબંધો લગાવવા માટે તૈયાર છું, પરંતુ તેમને મારા પગલાં અનુસાર તેમના પ્રતિબંધો વધુ કડક કરવા પડશે.

સ્પષ્ટ છે કે જ્યાં સુધી નાટો આગળ નહીં વધે, તમે આગળ નહીં વધો. હું આગળ વધવા માટે તૈયાર છું, પરંતુ તેમને તેમ કરવું પડશે. પરંતુ અત્યારે તેઓ માત્ર વાતો જ કરે છે, આવું કરી નથી રહ્યા.

# ડિજિટલ અરેસ્ટ બાદ વૃદ્ધ મહિલાનું મોત, ત્રણ દિવસમાં ૬.૬ લાખની છેતરપિંડી

(સંપૂર્ણ સમાચાર સેવા)હૈદરાબાદ

હૈદરાબાદમાં સાયબર ક્રાઈમની એક ડરામણી ઘટના સામે આવી છે. અહીં સાયબર ગુનેગારોએ ૭૬ વર્ષીય નિવૃત્ત સરકારી ડોક્ટરને ત્રણ દિવસ ડિજિટલ અરેસ્ટ રાખ્યા. આ ગુનેગારોએ સરકારી અધિકારી બની ડોક્ટરને કોલ કર્યો અને ડિજિટલ અરેસ્ટ રાખવા દરમિયાન ૬.૬ લાખની છેતરપિંડી કરી. તેનાથી પરેશાન પીડિતાને હાર્ટ એટેક આવી ગયો અને તેનું મોત થઈ ગયું. ગુનેગારોએ પીડિતાના મોત બાદ પણ મેસેજ મોકલવાનું યથાવત રાખ્યું હતું. રિપોર્ટ્સ પ્રમાણે ૫ સપ્ટેમ્બરે પીડિતાની પાસે વોટ્સએપ પર વીડિયો કોલ આવે છે. કોલરે પ્રોફાઈલ પિક્ચર તરીકે બેંગલુરૂ પોલીસનો લોગો લગાવ્યો હતો. કોલ કરનારે મહિલાને ડરાવવા માટે સુપ્રીમ કોર્ટ, ઈડી અને આરબીઆઈની મંજૂરીવાળા ડોક્યુમેન્ટ પણ દેખાડ્યા હતા. સ્કેમર્સે મહિલાને જણાવ્યું કે માનવ તસ્કરીના એક મામલામાં તેનું નામ આવ્યું છે જો તે પૈસા નહીં આપે તો તેની ધરપકડ કરવામાં આવશે. ધરપકડના ડરથી મહિલાએ પોતાના પેન્શન એકાઉન્ટમાંથી ૬.૬ લાખ રૂપિયા સ્કેમર્સના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દીધા. સ્કેમર્સ અહીં અટક્યા નહીં અને સતત મહિલાને વીડિયો કોલ અને મેસેજ દ્વારા ધરપકડની ધમકી આપતા રહ્યાં. ૮ સપ્ટેમ્બરે આશરે ૭૦ કલાકના ડિજિટલ અરેસ્ટ બાદ પીડિતાને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. ત્યારબાદ વૃદ્ધાને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ તેમનો જીવ બચી શક્યો નહીં. પરિવારજનોને ૯ સપ્ટેમ્બરે અંતિમ સંસ્કાર કર્યા બાદ મહિલા ડિજિટલ અરેસ્ટ હોવાની જાણકારી મળી હતી.

આવા કૌભાંડોથી પોતાને કેવી રીતે બચાવશો?

યાદ રાખો કે ભારતીય કાયદામાં ડિજિટલ ધરપકડ માટે કોઈ જોગવાઈ નથી. તેથી, જો કોઈ તમને ડિજિટલ ધરપકડ કરવાની વાત કરી રહ્યું છે, તો સાવચેત રહો.

જો કોઈ તમને સરકારી અધિકારી હોવાનો ઢોંગ કરીને ફોન કરી રહ્યું હોય, તો તેમનું નામ, પદ અને વિભાગ સત્તાવાર રીતે ચકાસીને ચકાસો.

ઈમેઈલ, ટેક્સ્ટ અથવા કોલ દ્વારા કોઈપણ અજાણ્યા અથવા શંકાસ્પદ વ્યક્તિ સાથે તમારી સંવેદનશીલ માહિતી શેર કરશો નહીં.

# ભારત બંગાળની ખાડીમાં વધુ એક મિસાઈલ પરીક્ષણની તૈયારીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત ૨૪ અને ૨૫ સપ્ટેમ્બર દરમિયાન બંગાળની ખાડીમાં એક વ્યૂહાત્મક મિસાઈલ પરીક્ષણની તૈયારી કરી રહ્યું છે. આ માટે **NOTAM** (નોટિસ ટુ એરમેન) જાહેર કરીને બંગાળની ખાડીના એક ભાગને નો-ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે. ઓડિશાના અબ્દુલ કલામ ટાપુ પરથી થનારું આ પરીક્ષણ ૧૪૦૦ કિલોમીટરથી વધુની રેન્જ ધરાવતી શક્તિશાળી અને લાંબા અંતરની મિસાઈલનું હોઈ શકે છે.

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન **(DRDO)** એક મોટા મિસાઈલ પરીક્ષણની તૈયારી કરી રહ્યું છે, જે અગ્નિ-પ્રાઈમ **(Agni-P)** હોઈ શકે છે. આ નવી પેઢીની મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે, જેની રેન્જ ૧૦૦૦ થી ૨૦૦૦ કિલોમીટર સુધીની છે. **NOTAM**માં દર્શાવેલ ૧૪૦૦ કિલોમીટરથી વધુના અંતરના કારણે, એવું માનવામાં આવે છે કે આ એક અત્યંત વ્યૂહાત્મક અને શક્તિશાળી મિસાઈલનું પરીક્ષણ છે. એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ, આ પગલું ભારતની સુરક્ષાને વધુ મજબૂત બનાવવામાં **DRDO**નું એક મોટું યોગદાન છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં **DRDO**એ લાંબા અંતરની બેલિસ્ટિક અને ક્રુઝ મિસાઈલોના વિકાસમાં જબરદસ્ત પ્રગતિ કરી છે. આનાથી ભારતની પ્રાદેશિક શક્તિ અને સૈન્ય ક્ષમતા મજબૂત થઈ છે. એક અન્ય સૂત્રએ જણાવ્યું કે આવનારા અઠવાડિયામાં ઘણા વધુ મિસાઈલ પરીક્ષણો થવાના છે. આમાં જુદી જુદી વ્યૂહાત્મક ભૂમિકાઓ માટે મિસાઈલોનો સમાવેશ થાય છે. ભારતની આસપાસ સુરક્ષા પડકારો વધી રહ્યા છે. પાડોશી દેશોની સૈન્ય ગતિવિધિઓ અને વૈશ્વિક તણાવ વચ્ચે ભારતે તેની સંરક્ષણ પ્રણાલીને મજબૂત બનાવવી જરૂરી છે. અગ્નિ-પ્રાઈમ અને અન્ય મિસાઈલો ભારતને વ્યૂહાત્મક શક્તિ પ્રદાન કરે છે, જેનાથી તે કોઈપણ ખતરાનો જવાબ આપી શકે છે. આ પરીક્ષણો ભારતના આત્મનિર્ભર સંરક્ષણ કાર્યક્રમનો એક ભાગ છે, જે સ્વદેશી ટેકનોલોજી પર ભાર મૂકે છે. પરીક્ષણ માટે તમામ જરૂરી સુરક્ષા પ્રોટોકોલ અને તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી રહી છે. નો-ફ્લાય ઝોન એ સુનિશ્ચિત કરશે કે નાગરિક અને વાણિજ્યિક ઉડ્ડયનમાં કોઈ અવરોધ ન આવે. પરીક્ષણ પછી મિસાઈલના પ્રકાર અને તેની ક્ષમતાઓ વિશે વધુ માહિતી આપવામાં આવશે.

ભારતનું આ મિસાઈલ પરીક્ષણ તેની વધતી સૈન્ય શક્તિ અને આત્મનિર્ભરતાનું પ્રતીક છે. અગ્નિ-પ્રાઈમ જેવા અદ્યતન હથિયારો ભારતને પ્રાદેશિક અને વૈશ્વિક સ્તરે મજબૂત બનાવે છે. **DRDO**ના સતત પ્રયાસોથી ભારતનો મિસાઈલ ભંડાર અને સંરક્ષણ પ્રણાલી દિવસેને દિવસે વધુ સશક્ત થઈ રહી છે. ૨૪-૨૫ સપ્ટેમ્બરનું આ પરીક્ષણ ભારતની સંરક્ષણ યાત્રામાં વધુ એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# કોંગ્રેસના મુખ્યમંત્રીએ જ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસના મુખ્યમંત્રીએ જ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ક્રોસ વોટિંગ કરાવ્યું હોવાના દિગ્ગજ નેતાના આરોપથી દક્ષિણ રાજ્યમાં ખળભળાટ મચ્યો છે. બીઆરએસ ધારાસભ્ય કૌશિક રેડ્ડીએ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ક્રોસ વોટિંગ મુદ્દે ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે આરોપ મૂક્યો છે કે, તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના કહેવા પર તેલંગાણાના આઠ કોંગ્રેસ સાંસદોએ એનડીએ ઉમેદવારના પક્ષમાં મત આપ્યો હતો. તેલંગાણા ભવનમાં આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં આ દાવો કરવામાં આવ્યો હતો. કે. ચંદ્રશેખર રાવના પક્ષ બીઆરએસના ધારાસભ્ય કૌશિક રેડ્ડીએ જણાવ્યું કે, **I.N.D.I.A** ગઠબંધનમાંથી કુલ ૧૫ મત મળ્યા હતા. જેમાં આઠ તેલંગાણા કોંગ્રેસના સાંસદ હતા. આઠ સાંસદોએ એનડીએના પક્ષમાં મત આપ્યો હતો. તેમને આમ કરવા માટે આદેશ તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ આપ્યો હતો. ઉલ્લેખનીય છે, એનડીએના ઉમેદવાર સીપી રાધાકૃષ્ણને બહુમતિ સાથે જીત મેળવી હતી. જ્યારે **I.N.D.I.A** ગઠબંધનના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીએ કારમી હારનો સામનો કર્યો હતો.

કે. ચંદ્રશેખર રાવની ભારત રાષ્ટ્ર સમિતિ પાર્ટીએ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીથી અંતર જાળવ્યું હતું. આ પાર્ટીના ધારાસભ્ય કૌશિક રેડ્ડીએ જાહેરમાં આ દાવો કર્યો હતો કે, કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે વિપક્ષને ૩૧૫ મત મળવાનો દાવો કર્યો હતો. પરંતુ **I.N.D.I.A** ગઠબંધનના ઉમેદવાર બી. સુદર્શન રેડ્ડીને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ૩૦૦ મત જ મળ્યા હતા. ૧૫ સાંસદોએ પક્ષ પલટો કર્યો હતો. રેડ્ડી અનુસાર, તેલંગાણા કોંગ્રેસના આ સાંસદોએ કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ, નીતિન ગડકરી અને લોકસભા સ્પીકર સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતનો ઉદ્દેશ એનડીએ ઉમેદવારના પક્ષમાં મતદાન કરાવવાનો હતો. આ બધુ સીએમ રેવંત રેડ્ડી અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુની ગુરૂ-શિષ્યની જોડીએ કરાવ્યું હતું. રેવંત રેડ્ડી ૨૦૧૬ સુધી તેલુગૂ દેશમ પાર્ટીમાં હતાં. કૌશિક રેડ્ડીએ દાવો કર્યો હતો કે, પ્રદેશના ત્રણ કોંગ્રેસ સાંસદોએ પણ આ અંગે વાત કરી હતી. તેમણે કહ્યું કે, એક બાજુ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી રાત-દિવસ વોટ ચોરીની નારેબાજી કરે છે. જ્યાં બીજી તરફ રેવંત રેડ્ડી તેલંગાણાના પુત્રો **I.N.D.I.A** ગઠબંધનના ઉપરાષ્ટ્રપતિ ઉમેદવાર સાથે આટલી મોટી છેતરપિંડી કરી નાખી.




# તંત્રી લેખ......

## બિહારમાં સીટ વહેંચણીમાં પંજાને નુકસાનની શક્યતા

મહાગઠબંધનમાં બિહાર વિધાનસભા ચૂંટણી માટે સીટની વહેંચણી અંગેની ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વખતે કોંગ્રેસ ૨૦૨૦ની ચૂંટણીમાં લડેલી ૭૦ બેઠકો કરતાં ઓછી બેઠકો પર ચૂંટણી લડી શકે છે. આ ઘટાડો સહયોગી પક્ષો VIP અને અન્ય નાના પક્ષોને સમાવેશ કરવાની જરૂરિયાતને કારણે થયો છે અને બેઠકોની અદલાબદલી પણ સંભવ છે. આ મહાગઠબંધનમાં RJD, કોંગ્રેસ, VIP, ડાબેરી પક્ષો, JMM અને લોક જનશક્તિ પાર્ટી (પશુપતિ પારસ જૂથ)નો સમાવેશ થાય છે અને તેમની વચ્ચે સીટ વહેંચણી અંગે સતત વાતચીત ચાલી રહી છે. ગઈ ચૂંટણીમાં નબળી બેઠકો મળવાને કારણે કોંગ્રેસ નેતૃત્વએ નારાજગી વ્યક્ત કરી હતી, તેથી આ વખતે પાર્ટી સંખ્યાને બદલે બેઠકોની ગુણવત્તા પર વધુ ધ્યાન આપશે. સૂત્રોએ જણાવ્યું છે કે સીટ વહેંચણીનો અંતિમ કરાર ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં થવાની શક્યતા છે. પક્ષમાં આંતરિક રીતે પણ મંથન ચાલી રહ્યું છે. બિહારના એક કોંગ્રેસ સાંસદે જણાવ્યું કે, પાર્ટીનો ઉદ્દેશ જીતવા યોગ્ય બેઠકો સુનિશ્ચિત કરવાનો છે, જેના માટે બેઠકોનું પુનર્ગઠન કરવામાં આવશે. એક વરિષ્ઠ નેતાના જણાવ્યા મુજબ, પાર્ટીને ૯૦થી વધુ બેઠકો માટે ૩૦૦૦થી વધુ અરજીઓ મળી છે. વર્તમાન ધારાસભ્યો જેમના રિપોર્ટ નબળા છે, તેમને ફરીથી ટિકિટ આપવા અંગે પક્ષમાં આંતરિક ચર્ચા ચાલી રહી છે. કેટલાક નેતાઓનું માનવું છે કે આવા ધારાસભ્યોને ટિકિટ ન આપવાથી બળવાખોર ઉમેદવારો ઊભા રહી શકે છે, જે ચૂંટણીના પરિણામોને અસર કરી શકે છે. આ અંગેનો અંતિમ નિર્ણય કોંગ્રેસની ચૂંટણી સમિતિની બેઠકમાં લેવામાં આવશે. આ દરમિયાન, બિહાર કોંગ્રેસે રાહુલ ગાંધીના દરભંગા રોડ શોની પ્રશંસા કરી છે અને આગામી ચૂંટણીઓ પહેલા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા રાજ્યમાં અનેક રેલીઓ અને કાર્યક્રમો યોજવાના છે. જોકે, ગઠબંધનની રાજનીતિમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે RJD નેતા તેજસ્વી યાદવે રવિવારે જાહેર કર્યું કે તેમની પાર્ટી રાજ્યની તમામ ૨૪૩ બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખશે, જેના કારણે મહાગઠબંધનના મુખ્યમંત્રી પદના ચહેરા અંગેની ચર્ચા વધુ ગરમાઈ છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૯૨૬ અને ચાંદીના વાયદામાં રૂ.૩,૨૩૬નો કડાકોઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૬૪ લપસ્યો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૫૪૩.૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૫૬૯૭.૮૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૩૭૮૪.૬૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૫૪૭૭ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૨૪૨૪૨.૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૮૫૪૩.૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૯૫૬૯૭.૮૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૪૭૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૫૫૮.૪૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૩૭૮૪.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૯૯૫૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૯૯૫૬ અને નીચામાં રૂ.૧૦૯૧૮૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૦૧૫૬ના આગલા બંધ સામે રૂ.૯૨૬ ઘટી રૂ.૧૦૯૨૩૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૬૭૧ ઘટી રૂ.૮૭૭૫૩ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૨ ઘટી રૂ.૧૦૯૮૯ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૨૦ ઘટી રૂ.૧૦૯૧૨૦ થયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૨૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૦૨૪૪ અને નીચામાં રૂ.૧૦૯૪૧૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૦૩૫૨ના આગલા બંધ સામે રૂ.૮૯૬ ઘટી રૂ.૧૦૯૪૫૬ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૭૪૮૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૬૬૦ અને નીચામાં રૂ.૧૨૫૩૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૨૮૮૨૦ના આગલા બંધ સામે રૂ.૩૨૩૬ ઘટી રૂ.૧૨૫૫૮૪ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૩૦૫૯ ઘટી રૂ.૧૨૫૭૧૩ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૩૦૬૫ ઘટી રૂ.૧૨૫૬૯૬ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૧૩૩.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૬૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૮૧ અને નીચામાં રૂ.૩૮૫૪ના સ્તરને સ્પર્શી, રૂ.૪ ઘટી રૂ.૩૮૭૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૬૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૬૮ અને નીચામાં રૂ.૫૬૧૨ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૯૪ના આગલા બંધ સામે રૂ.૬૪ ઘટી રૂ.૫૬૩૦ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૬૩ ઘટી રૂ.૫૬૨૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૨ વધી રૂ.૨૭૫.૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૧.૧ વધી રૂ.૨૭૫.૨ના ભાવે બોલાયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૨.૯ના ભાવે ખૂલી, રૂ.૨૦.૨ ઘટી રૂ.૯૮૫ થયો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૬૦૦ના ભાવે ખૂલી, રૂ.૮ વધી રૂ.૨૬૦૨ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૧૩૩૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૩૩૦૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૪૨૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૪૮૭૫૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૪૮૯૮ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૦૪૬૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૮૮૩૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૭૪૧૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૬૬ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૩૧૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૬૨૩૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૬૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૫૬૬૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૫૪૭૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૦૧ પોઈન્ટ ઘટી ૨૫૪૭૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૪.૬ ઘટી રૂ.૧૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧ વધી રૂ.૧૧.૬૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૮ ઘટી રૂ.૨૭૩ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૯૧.૫ ઘટી રૂ.૯૮૨.૫ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૬૮ ઘટી રૂ.૪.૪ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૯૬ ઘટી રૂ.૨.૪ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૫.૫ ઘટી રૂ.૧૪.૬ થયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩ વધી રૂ.૧૫.૧૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૮ ઘટી રૂ.૭૩૬.૫ થયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૬૨ ઘટી રૂ.૧૦૧૩ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮.૨ વધી રૂ.૩૨.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૫ પૈસા ઘટી રૂ.૫.૯ થયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૨.૫ વધી રૂ.૯૨૯ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૧૬ વધી રૂ.૧૭૫૦.૫ના ભાવે બોલાયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૦૭ વધી રૂ.૬ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૮ પૈસા વધી રૂ.૧.૮૮ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭.૭ વધી રૂ.૩૨.૭૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા ઘટી રૂ.૬.૦૫ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર રૂ.૧૦૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૦ વધી રૂ.૯૮૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની સપ્ટેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૭૦.૫ વધી રૂ.૧૭૧૦.૫ થયો હતો.

### ફરિયાદ બાદ લાપતા

## ૨૫ વર્ષ સુધી સ્કૂલે ગયા વિના શિક્ષક દંપતીએ મોટો સરકારી પગાર લીધો

### ૯ કરોડનો પગાર લીધો, ડમી શિક્ષકો પણ ગુનામાં સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)બારાં,

રાજસ્થાનના બારાં જિલ્લામાં શિક્ષક પતિ-પત્ની ૨૫ વર્ષથી શાળાએ નથી ગયા તેમ છતા બંનેને શિક્ષક તરીકેનો પગાર મળતો રહ્યો. મામલો સામે આવ્યા બાદ સરકાર હવે આ બંને શિક્ષક પતિ-પત્ની પાસેથી ૯ કરોડ ૩૧ લાખ ૫૦ હજાર રૂપિયા વસુલવાની તૈયારીમાં છે. જોકે આટલી રકમ પરત મળશે કે કેમ તેને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. રાજસ્થાનના શિક્ષણ મંત્રી મદન, દિલાવરના આદેશ પર વિભાગે દંપતીને અંતિમ જાહેર નોટિસ મોકલી છે. નોટિસ મળવા છતા પણ જો તેઓ હાજર નહીં રહે તો તેમની સંપત્તિની હરાજી કરવામાં આવી શકે છે. પ્રાપ્ત માહિતી અનુસાર દંપતી વિષ્ણુ ગર્ગ અને તેમની પત્ની અંજૂ ગર્ગ છેલ્લા ૨૫ વર્ષથી બારાનો રાજપુરા, પ્રાથમિક સ્કૂલમાં તૈનાત હતા. દંપતી છેલ્લા ૨૦ વર્ષથી પોતાની જગ્યાએ ડમી શિક્ષકોને સ્કૂલમાં બાળકોને ભણાવવા માટે મોકલતા રહ્યા. શિક્ષણ વિભાગના અધિકારીઓની સાથે મિલીભગત કરીને પતિ-પત્નીએ ખુદના સ્થાને ૧૫-૧૫ હજાર રૂપિયામાં ત્રણ ડમી શિક્ષકો રાખી લીધા હતા જ્યારે પોતે મોટો સરકારી પગાર ખાતા રહ્યા.જે ડમી શિક્ષક તરીકે ત્રણ લોકોને પસંદ કરાયા હતા તેઓ બેરોજગાર હતા તેથી આટલા પગારમાં પણ શિક્ષકનું કામ કરવા તૈયાર થઈ ગયા હતા. જિલ્લા શિક્ષણ અધિકારીની ફરિયાદ પર બારાં પોલીસ સ્ટેશનમાં દંપતી અને ત્રણેય ડમી શિક્ષકોની સામે ફરિયાદ દાખલ કરાવી હતી. ફરિયાદ દાખલ થતા જ પતિ-પત્ની બંને ફરાર થઈ ગયા હતા. જેને હાલ પણ પોલીસ શોધી રહી છે. આ દરમિયાન બંનેને જે પગાર અને અન્ય સરકારી લાભ મળ્યા તેની રકમ મળીને ૯ કરોડ રૂપિયા થઈ રહી છે.

### નીરજ ચોપરાએ પહેલા થ્રોમાં જ કરી કમાલ

## નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપની ફાઈનલમાં એન્ટ્રી

(સંપૂર્ણ સમાચાર સેવા)ટોક્યો

ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ ટોક્યોમાં ચાલી રહેલી વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપની ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. તેણે ૮૪.૮૫ મીટરના અંતરે ભાલો ફેંકી ફાઈનલમાં સ્થાન હાંસલ કર્યું હતું. જેમાં પહેલાં થ્રોમાં જ ૮૪.૫ મીટરનું ક્વોલિફિકેશન માર્ક નોંધાયું હતું. પરંતુ નીરજ ચોપરાએ ૮૪.૮૫ મીટરના અંતરે ભાલો ફેંક્યો હતો. ફાઈનલમાં નીરજ ચોપરાનો સામનો પાકિસ્તાનના અરશદ નદીમ સાથે થઈ શકે છે. નીરજ ચોપરા સિવાય અન્ય કોઈપણ એથ્લેટ પહેલાં રાઉન્ડમાં ક્વોલિફાય થયો નથી. નીરજ ચોપરાના ગ્રૂપમાં ૭ એથ્લેટ હતા. હવે તે ગુરૂવારે ફાઈનલ મુકાબલામાં ઉતરશે. પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪ બાદ પ્રથમ વખત પાકિસ્તાનના અરશદ નદીમ સાથે ફાઈનલમાં મુકાબલો કરશે. પેરિસમાં અરશદે ૯૨.૯૭ મીટર થ્રો કરી ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે નીરજનો સવર્શ્રેષ્ઠ થ્રો ૮૯.૪૫ મીટરનો રહ્યો હતો. આ થ્રો સાથે તેણે સિલ્વર મેડલ જીત્યો હતો. ક્વોલિફિકેશન રાઉન્ડમાં નીરજ ૧૯ એથ્લેટ ગ્રૂપ-એમાં હતો. જેમાં વેબર, વાલ્કોટ, વાડલેજ, સચિન યાદવ સામેલ હતાં. ગ્રૂપ બીમાં અરશદ નદીમ, પીટર્સ, યેગો, ધ સિલ્વા, રોહિત યાદવ, યશવીર સિંહ,અને શ્રીલંકાના ઉભરતા ખેલાડી રમેશ થરંગા પથિરગે હતાં. આ બંને ગ્રૂપમાં નીરજ ટોપ-૧૨ થ્રોઅર ફાઈનલમાં પહોંચનારા પ્રથમ એથ્લેટ હતાં.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ૭૫મો જન્મદિવસ

## ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા ‘રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦’ થીમ અંતગર્ત આયોજિત વિશ્વનું સૌથી મોટુ ’મેગા બ્લડ ડોનેશન કેમ્પ’નું ઉદ્ઘાટન કર્યું

### મોદીજીના ’સેવા પરમો ધર્મ’ના વિઝનથી પ્રેરિત આ ઐતિહાસિક પહેલઃ માનવતા પ્રત્યે કરુણા અને સામૂહિક જવાબદારીની ભાવનાને પ્રતિબિંબિત કરશેઃ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસ અવસર પર તેમજ અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના પોતાના ૬૧મા સ્થાપના દિવસ નિમિત્તે અમદાવાદ ખાતે આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ‘રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦’ થીમ અંતગર્ત આયોજિત વિશ્વનું સૌથી મોટા ‘મેગા બ્લડ ડોનેશન કેમ્પ’નું ઉદ્ઘાટન કર્યું હતું.

આ અવસરે ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના અવસર પર અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા રક્તદાન અમૃત મહોત્સવ-૨.૦ અંતર્ગત અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વિશ્વની સૌથી મોટી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. મોદીજીના ’સેવા પરમો ધર્મ’ના વિઝનથી પ્રેરિત આ ઐતિહાસિક પહેલ માનવતા પ્રત્યે કરુણા અને સામૂહિક જવાબદારીની ભાવનાને પ્રતિબિંબિત કરે છે.



તેમણે વધુમાં કહ્યું કે રક્તદાન માત્ર જીવન બચાવવા માટે નથી તે સમુદાયોને મજબૂત કરવા અને તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કરવા માટે પણ છે. આ કાર્યક્રમ થકી કરોડો લોકોને નવી પ્રેરણા પણ મળી રહી છે. આપણે ઘણા મોટા નેતાઓનો જન્મદિવસ મોટી કેક કાપતાં કે પછી હાર પહેરાવતાં જ જોયો છે, પરંતુ મોદીજીના શાસનમાં આ બધું જાણે કે બદલાઈ ગયું હોય એમ એમનો જન્મદિવસ લાખો કરોડો લોકો માટે હસવાનું તેમજ ચહેરા ઉપર ખુશીનું કારણ બન્યું છે. ગૃહરાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વધુમાં ઉમેર્યું કે દેશના વડાપ્રધાન શ્રી માટે કોઈ સમાજ તેમજ સંસ્થા દ્વારા આટલા મોટા પાયા પર બ્લડ ડોનેશનનું આયોજન કરવામાં આવ્યું એ ખૂબ સહારાનીય છે. આ અવસરે ગૃહરાજ્યમંત્રીએ આ ઉમદા કાર્યને તેમજ ભવ્ય સફળતા અપાવવા માટે એક સાથે આવી રહેલા તમામ આયોજકો અને હજારો રક્તદાતાઓનો આભાર વ્યક્ત પણ કર્યો હતો.

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આયોજિત ’મેગા બ્લડ ડોનેશન કેમ્પ’ની મુલાકાત પણ લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ અભિયાન અંતગર્ત ૭૫ દેશોમાં ૭૫૦૦થી વધુ રક્તદાન કેમ્પ આયોજિત કરવામાં આવ્યા છે, જેમાં ૩ લાખ યુનિટ રક્ત એકત્રિત કરવાનું લક્ષ્ય છે. આ પ્રસંગે અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### રાષ્ટ્રીય મંચ ઉપર ગુજરાત સરકારની પ્રતિષ્ઠિત-વિશ્વાસપાત્ર લેબોરેટરી તરીકે ‘ગીરડા’ પ્રસ્થાપિત

## છેલ્લા ત્રણ વર્ષમાં વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનોની ગુણવત્તા ચકાસણી થકી રાજ્ય સરકારને રૂ. ૧૦.૩૪ કરોડથી વધુની આવક

વડોદરા ખાતે કાર્યરત ‘ગીરડા’ સંસ્થાને વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ એમ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનોની ગુણવત્તા ચકાસણી થકી રૂ. ૧૦.૩૪ કરોડથી વધુની આવક થઈ છે. જે માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં રૂ. ૭.૨૧ કરોડ કરતાં વધુ ગ્રાન્ટની ફાળવણી પણ કરવામાં આવી છે. કેમિકલ, પ્લાસ્ટિક્સ, પોલિમર્સ જેવા ઉદ્યોગો માટે રાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત લેબોરેટરી અને ઈશ્ઢમાં સેન્ટર ઓફ એક્સિલન્સ વિકસાવવાના હેતુસર રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઔદ્યોગિક સંશોધન અને વિકાસ સંસ્થા-ગીરડાની સ્થાપના કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના માર્ગદર્શનમાં ‘ગીરડા’ રાષ્ટ્રીય મંચ ઉપર ગુજરાત સરકારની પ્રતિષ્ઠિત અને વિશ્વાસપાત્ર લેબોરેટરી તરીકે પ્રસ્થાપિત થઈ છે. આ સંસ્થા વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનોની ચકાસણી ઉપરાંત જનહિત સંબંધિત પીવાના પાણીની પાઈપલાઈનની ગુણવત્તા ચકાસણીની પણ ખૂબ જ મહત્વપૂર્ણ કામગીરી કરે છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગીરડાને વિવિધ જાહેર સાહસો જેવા કે, વોટર રિસોર્સ ડિપાર્ટમેન્ટ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વાસ્મો, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. વગેરે સાથે પીવીસી અને એચડીપી પાઈપ ચકાસણી અર્થે એમ્પેનલ કરવામાં આવી છે. વધુમાં આ સંસ્થા રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર હસ્તગત વિવિધ સાહસો જેવા કે, **GAIL, IOCL, BPCL, ONGC, PWD, GMB, GWIL, POLICE HOUSING, GGRC, URBAN AUTHORITY & MUNICIPLE CORPORATIONS** તેમજ મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ઓડિશાના સિંચાઈ વિભાગને સેમ્પલ ચકાસણી તથા સ્થળ તપાસ-માર્ગદર્શનની સેવાઓ પણ પૂરી પાડે છે. ગીરડાને કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રાલય દ્વારા ‘Scientific & Industrial Research Organizations(SIROs)’ની તેમજ ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તરફથી **‘National Accreditation Board for Testing and Calibration Laboratories (NABL)’**ની માન્યતા આપવામાં આવી છે. આ ઉપરાંત સંસ્થાને વડોદરાની ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તરફથી **‘Recognition for Research Center under Applied Chemistry Department’**ની માન્યતા પણ મળી છે. વધુમાં, ગીરડાએ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર અને કેમિકલ્સ યુનિવર્સિટી(જીએસએફસી) સાથે વિવિધ સમજૂતી કરાર કર્યા છે.

આ સંસ્થા રબર, પ્લાસ્ટિક, પેઈન્ટ, શાહી, કોટિંગ્સ, કાગળ, રસ્તાના કામ અને હાઈવે સામગ્રી, ધાતુ-મિશ્રધાતુ, અકાર્બનિક રસાયણો, સિમેન્ટ, બાંધકામ સામગ્રી તથા પેટ્રોલિયમ ઉત્પાદનો જેવા વિવિધ ઉદ્યોગોને હાલની પ્રક્રિયાઓમાં ફેરફાર અંગે માર્ગદર્શન તથા ગુણવત્તા ચકાસણી માટે મદદ પૂરી પાડે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારની ૧૦૦ ટકા ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થા ગીરડા કેમિકલ અને પેટ્રોલિયમ ક્ષેત્રની નાના, મધ્યમ ઉદ્યોગોને સંશોધન તેમજ વિકાસ વિસ્તરણ, તાલીમ, સહાય માર્ગદર્શન, ટેકનોલોજી, ગુણવત્તા નિયમન, સ્થળ તપાસ અને નવી વસ્તુના ઉત્પાદન સંબંધિત માર્ગદર્શનની વિવિધ કામગીરી કરે છે.

- જીગર બારોટ


નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com



નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક


## કેનેડામાં ખાલિસ્તાનીઓએ ભારતીય વાણિજ્ય દૂતાવાસ પર કબજો કરવાની ધમકી ઉચ્ચારી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેનેડામાં ભારત વિરુદ્ધ ખાલિસ્તાન સમર્થકોનો વિરોધ ફરી એકવાર ભડકી ઉઠ્યો છે. અહેવાલ છે કે **SFJ** એટલે કે શીખ્સ ફોર જસ્ટિસે વાનકુવરમાં ભારતીય કોન્સ્યુલેટ પર કબજો કરવાની ધમકી આપી છે. એટલું જ નહીં, ભારતીયોને તે વિસ્તારમાં ન જવાની ચેતવણી પણ આપવામાં આવી છે. જોકે, ભારત કે કેનેડિયન સરકાર દ્વારા આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં આવ્યું નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ખાલિસ્તાની જૂથે ગુરુવારે કોન્સ્યુલેટની મુલાકાત લેવાનું આયોજન કરી રહેલા લોકોને અલગ તારીખ પસંદ કરવા કહ્યું છે. **SFJ** દ્વારા એક પોસ્ટર પણ બહાર પાડવામાં આવ્યું છે, જેમાં કેનેડામાં નવા ભારતીય હાઈ કમિશનર દિનેશ પટનાયકનો ફોટો છે. તેમના ચહેરા પર નિશાન બનાવવાના ચિહ્નો છે. આરોપો લગાવવામાં આવી રહ્યા છે કે ભારતીય કોન્સ્યુલેટ દ્વારા જાસૂસી નેટવર્ક ચલાવવામાં આવી રહ્યું છે.ખાલિસ્તાની જૂથનો આરોપ છે કે કોન્સ્યુલેટ દ્વારા ખાલિસ્તાનીઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને તેમની દેખરેખ રાખવામાં આવી રહી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ‘બે વર્ષ પહેલા **18** સપ્ટેમ્બર, **2023** ના રોજ, વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ સંસદમાં કહ્યું હતું કે હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોની ભૂમિકાની તપાસ ચાલી રહી છે.’ તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, ‘બે વર્ષ થઈ ગયા છે અને ભારતીય કોન્સ્યુલેટ ખાલિસ્તાની જનમતના પ્રચારકોને નિશાન બનાવીને જાસૂસી નેટવર્ક ચલાવી રહ્યું છે.’ગયા અઠવાડિયે બહાર પાડવામાં આવેલા એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ઓછામાં ઓછા બે ખાલિસ્તાની ઉગ્રવાદી જૂથોને કેનેડાની અંદરથી નાણાકીય સહાય મળી છે. ‘**2025** એસેસમેન્ટ ઓફ મની લોન્ડરિંગ એન્ડ ટેરરિસ્ટ ફાઈનાન્સિંગ રિસ્ક ઈન કેનેડા’ શીર્ષક હેઠળના અહેવાલમાં કેનેડાની અંદરથી નાણાકીય સહાય મેળવતા ખાલિસ્તાની ઉગ્રવાદી જૂથોને બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ અને ઈન્ટરનેશનલ શીખ યુથ ફેડરેશન તરીકે ઓળખવામાં આવ્યા છે.

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ આયોજિત 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'ની મુલાકાત લીધી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસ અવસર અને અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના ૬૧મા સ્થાપના દિવસ નિમિત્તે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે 'રક્તદાન અમૃત મહોત્સવ ૨.૦' થીમ અંતગર્ત આયોજિત વિશ્વના સૌથી મોટા 'મેગા બ્લડ ડોનેશન કેમ્પ'ની રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મુલાકાત લીધી હતી.

આ અવસરે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ગુજરાત અને મહારાષ્ટ્રની જનતા તરફથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસની હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. તેમણે જણાવ્યું કે, મોદીજીએ તેમનું સમગ્ર જીવન રાષ્ટ્રસેવા અને દેશના વિકાસ માટે સમર્પિત કર્યું છે.

ગુજરાતની ધરતી પર સમયાંતરે મહાપુરુષો જન્મ્યા છે જેઓએ સમાજ અને દેશના હિત માટે અસાધારણ યોગદાન આપ્યું છે. એવા જ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આજે સમગ્ર વિશ્વમાં ભારતનું ગૌરવ વધારી રહ્યા છે. અનેક દેશોએ તેમને સર્વોચ્ચ સન્માન આપી ભારત અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તેમના દુરંદેશી નેતૃત્વમાં ભારત પ્રગતિના નવા પંથે ઝડપથી આગળ વધી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસ નિમિત્તે અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રકતદાન શિબિરનું આયોજન ખૂબ જ સહારાનીય છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત અનેક યોજનાઓ થકી પ્રગતિના સોપાન સર કરી રહ્યું છે.

૭૫ વર્ષના જીવનમાં વડાપ્રધાનશ્રીએ અર્જિત કરેલું જ્ઞાન આજે સમગ્ર દેશના લોકોમાં ઉત્સાહનો સંચાર કરી રહ્યું છે અને માનવતાના કલ્યાણ માટેનાં અનેક કાર્યો તેમના નેતૃત્વમાં થઈ રહ્યા છે.

રક્તદાન શિબિર અંગે વાત કરતા રાજ્યપાલ શ્રી એ કહ્યું કે, આચાયશ્રી મહાશ્રમણજીની પ્રેરણાથી અને અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના નેતૃત્વમાં વિશ્વના ૭૫ દેશમાં આ પ્રકારની રક્તદાન શિબિરનું આયોજન થઈ રહ્યું છે એ ખૂબ ગૌરવની વાત છે.

રક્તદાન એ સૌથી મોટું જીવનદાન છે. એટલું જ નહીં, રક્તદાનથી ભાઈચારો પેદા થાય છે અને સૌમાં એકતા પણ જોવા મળે છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ અવસરે રાજ્યપાલશ્રીએ અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના સૌ સભ્યોને તેમજ વિવિધ સમુદાયના જે લોકો આ અભિયાનમાં જોડાઈને રક્તદાન કરી રહ્યા છે એ સૌને અભિનંદન પણ પાઠવ્યા હતા.

: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ :

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સમગ્ર દેશમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ૭૫મો જન્મદિવસ સેવા દિવસ તરીકે ઉજવાઈ રહ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સેવા સમર્પણના ભાવ જન-જન સુધી ઉજાગર કરવાના ઉદેશ સાથે અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા આયોજિત મેગા બ્લડ ડોનેશન કેમ્પ આપણા સૌ માટે ગૌરવની વાત છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રીના જન્મદિવસની પુર્વ સંધ્યાએ પણ રાજ્યમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી અનોખી રીતે કરવામાં આવી હતી. 'નમો કે નામ રક્તદાન' પહેલ થકી રાજ્યમાં ૩૭૮ રક્તદાન શિબિરોના માધ્યમથી કર્મચારીઓ દ્વારા વડાપ્રધાનશ્રીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, જેમ રક્ત એ શરીરમાં ચાલકબળ છે, એ જ રીતે આટલી મોટી સંખ્યામાં રક્તદાનનો સંકલ્પ એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં લોકોના વિશ્વાસનું પ્રતિબિંબ તેજ અને નવા ભારત, વિકસિત ભારતનું પ્રેરણાબળ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીના શબ્દોનું સ્મરણ કરતાં ઉમેર્યું કે આર્થિક દાન કરનારની તકતી લાગે છે, પણ રક્તદાન કરનારની ક્યારેય તકતી લાગતી નથી એટલા જ માટે રક્તદાનને મહાદાન કહેવામાં આવ્યું છે.

રક્તદાન એ માત્ર જીવનદાનનું કાર્ય નથી, પરંતુ કરુણા, પ્રેમ અને સામાજિક જાગૃતિનું પ્રતીક છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતના નિર્માણ માટે સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ સાથે સ્વચ્છ ભારત અને મેદસ્વિતા મુક્ત ભારતનું પણ આહવાન કર્યું છે. ત્યારે સૌ ઉપસ્થિતોને યોગ, પ્રાણાયામ અને કસરત દ્વારા 'ફિટ ઈન્ડિયા'ની ઝૂંબેશમાં જોડાઈને, તંદુરસ્ત અને સ્વસ્થ જીવન દ્વારા રક્તદાન કરીને કોઈકના જીવનના દાતા બનવા સૌને અપીલ કરી હતી.



આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ મેગા બ્લડ ડોનેશન કેમ્પની મુલાકાત પણ લીધી હતી.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી પ્રતિભાબેન જૈન, અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદના અધ્યક્ષ શ્રી રમેશ ડાગા, ઉપાધ્યક્ષ શ્રી પવન માંડોત, તેરાપંથ યુવક પરિષદના અમદાવાદના પ્રમુખ શ્રી પ્રદીપ બાગરેચા, મંત્રીશ્રી સાગર સાલેચા તેમજ સંસ્થાના કાર્યકર્તા તેમજ વિવિધ સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ભાવનગર રેલવે મંડળમાં હિન્દી દિવસ સમારોહનું આયોજન






ભાવનગર મંડળ કચેરીમાં રાજભાષા માસ–૨૦૨૫ તથા વિવિધ મહત્વપૂર્ણ સ્ટેશનો પર રાજભાષા પખવાડિયાના આયોજન અંતર્ગત તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ હિન્દી દિવસ સમારોહનું આયોજન મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માજીના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત કચેરી અધીક્ષક શ્રી નિરજ વ્યાસ દ્વારા રજૂ કરાયેલ એક સુંદર હિન્દી ગીતથી કરવામાં આવી. ત્યારબાદ મંડળ રેલ પ્રબંધકશ્રીએ ગૃહ મંત્રાલય, રાજભાષા વિભાગમાંથી પ્રાપ્ત રાજભાષા પ્રતિજ્ઞા હાજર તમામ અધિકારીઓ અને કર્મચારીઓને લેવડાવી. આ અવસરે મંડળ રેલ પ્રબંધકશ્રીના કરકમલોથી હિન્દી દિવસ સંદેશનું વિમોચન પણ કરવામાં આવ્યું. તમારા સંબોધનમાં મંડળ રેલ પ્રબંધક શ્રી વર્માએ જણાવ્યું કે હિન્દી અમારી સાંસ્કૃતિક ધરોહર અને ઓળખનું પ્રતિક છે. તે અમને માત્ર અમારી સમૃદ્ધ પરંપરાની યાદ જ કરાવતી નથી, પરંતુ કચેરી કાર્યોમાં વધુમાં વધુ હિન્દીનો ઉપયોગ કરવા માટે પ્રેરિત પણ કરે છે. તેમણે તમામ કર્મચારીઓને હિન્દીમાં કાર્ય કરવા અને હિન્દીના માધ્યમથી મુસાફરો સુધી સેવાઓ વધુ અસરકારક રીતે પહોંચાડવા માટે આહ્વાન કર્યું.

આ અવસરે પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકશ્રી દ્વારા જાહેર કરાયેલા સંદેશનું વાચન અપર મુખ્ય રાજભાષા અધિકારી તથા અપર મંડળ રેલ પ્રબંધક શ્રી હિમાઁશુ શર્માએ કર્યું. કાર્યક્રમનું સંચાલન વરિષ્ઠ અનુવાદક શ્રી પરેશ બી. મજીઠિયાએ કર્યું તથા અંતે રાજભાષા અધિકારી અને મંડળ વિજળી ઈજનેર (કર્ષણ) શ્રી રામપ્રીત મૌર્યએ આભાર વ્યક્ત કર્યો.

મંડળ પર સ્વચ્છતા શપથ સાથે થઈ "સ્વચ્છતા પખવાડિયું"ની શરૂઆત

## ભાવનગર રેલવે મંડળ પર ૧૭ સપ્ટેમ્બરથી અલગ-અલગ થીમ પર મનાવવામાં આવી રહ્યું છે "સ્વચ્છતા પખવાડિયું"






સમગ્ર ભારતીય રેલ પર "સ્વચ્છતા હી સેવા" અભિયાન હેઠળ ૧૭ સપ્ટેમ્બરથી ૦૨ ઑક્ટોબર, ૨૦૨૫ સુધી "સ્વચ્છતા પખવાડિયું" મનાવવામાં આવી રહ્યું છે. પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ પર ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ મંડળ રેલ પ્રબંધક કચેરી, ભાવનગર પારા ખાતે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ અધિકારીઓ તથા કર્મચારીઓને "સ્વચ્છતા શપથ" અપાવી પખવાડિયું શરૂ કર્યું. આ અવસરે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામ અધિકારીઓ તથા કર્મચારીઓને દર વર્ષે ૧૦૦ કલાક શ્રમદાન કરવાનો સંકલ્પ અપાવ્યો. સાથે જ વિવિધ સ્ટેશનો પર સ્ટેશન અધિકારીઓ દ્વારા કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટ ક્લીનિંગ સ્ટાફને પણ સ્વચ્છતા શપથ અપાવવામાં આવી. શપથગ્રહણ પછી સ્વચ્છતા પખવાડિયાની ઔપચારિક શરૂઆત કરવામાં આવી, જેના અંતર્ગત દરરોજ અલગ-અલગ થીમ પર વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવશે. પખવાડિયાનો પ્રથમ દિવસ "સ્વચ્છતા જાગૃતિ દિવસ" તરીકે મનાવવામાં આવ્યો. આ દરમિયાન સ્ટેશનો પર જાહેરાત પ્રણાલી દ્વારા મુસાફરોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા.

આ પખવાડિયાના અંતર્ગત રેલવે યુનિટો જેવા કે રેલવે સ્ટેશન, કોલોની વગેરેમાં રેલ મિત્ર સુરક્ષા શિબિર અને આરોગ્ય શિબિર યોજાશે તેમજ કર્મચારીઓને સુરક્ષા સંબંધિત સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવશે. ભાવનગર મંડળના સ્ટેશનો, આરોગ્ય એકમો અને વર્કશોપમાં વૃક્ષારોપણ અભિયાન ચલાવવામાં આવશે. રેલવે કોલોનીઓમાં જઈને કર્મચારીઓના કુટુંબજનોને પણ સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવશે. મુસાફરોને પ્રદાન થતી ભોજન સામગ્રી, સ્ટોલો તથા જળસ્રોતોની સ્વચ્છતાની નિયમિત તપાસ કરવામાં આવશે. ટ્રેનો અને સ્ટેશનો પર ઉપલબ્ધ શૌચાલયો, પ્લેટફોર્મ, રેલવે ટ્રેક તથા કોચોની સફાઈ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. સાથે જ મુસાફરો પાસેથી સ્વચ્છતા, ભોજનની ગુણવત્તા તથા પીવાના પાણી સંબંધિત પ્રતિસાદ પણ લેવામાં આવશે. સ્વચ્છતા જાગૃતિને જનજન સુધી પહોંચાડવા માટે ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સ્વચ્છતા જાગૃતિ સાયકલ રેલી તથા નાટક (નુકડ નાટક)નું પણ આયોજન કરવામાં આવશે.

મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે – "આ પખવાડિયા દરમિયાન રેલવે સ્ટેશનો તથા ટ્રેનોમાં જાહેર સુવિધાઓની સ્વચ્છતા પર ખાસ ભાર મુકવામાં આવશે. મુસાફરોને સ્વચ્છ વાતાવરણ પ્રદાન કરવું રેલવેની સર્વોચ્ચ પ્રાથમિકતા છે."

## ગુજરાત હાઈકોર્ટમાં નિયમોમાં ધરખમ ફેરફારો કરાયા : હવેથી સીનીયર વકીલો નહીં માંગી શકે મુદત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટે કોર્ટની કાર્યવાહીને સક્ષમ બનાવવા માટે નિયમોમાં ધરખમ ફેરફારો કર્યા છે. **THE HIGH COURT OF GUJARAT (DESIGNATION OF SENIOR ADVOCATES ) RULES** ૨૦૨૫ નામના ૧૪ પાનાના નોટીફીકેશનમાં જણાવ્યુ છે કે હવેથી કોઈપણ કેસમાં સીનીયર વકીલો મુદત (એડજોર્નમેન્ટ ) માંગી શકશે નહી, મેન્શનિંગ અને મુદત માટે જુનીયર વકીલોજ અરજી કરી શકશે.




આ ઉપરાંત સીનીયર વકીલોની પદવી મેળવવા માટે ઓછામાં ઓછી ૪૫ વરસની ઉંમર ફરજીયાત કરવામાં આવી છે. જેથી ૪૫ વરસથી ઓછી ઉંમરના વકીલો આ પદવી મેળવી શકશે નહી, આ નિયમથી જુનીયર વકીલોને વધુ તકો મળશે અને વ્યવસાયમાં પારદર્શિતા આવશે, સીનીયર વકીલોએ બારમાં ૩ વરસથી ઓછો અનુભવ ધરાવતા બે થી ત્રણ જુનીયર વકીલોને સાથે રાખીને માર્ગદર્શન આપવાનુ ફરજીયાત કરાયુ છે.

માનનીય વડાપ્રધાન ના ૭૫મા જન્મદિવસના ઉપલક્ષ્યમાં વડનગર સ્ટેશન પર ૭૫ છોડ લગાવવામાં આવ્યા

## અમદાવાદ મંડળ પર સ્વચ્છતા શપથની સાથે "સ્વચ્છતા પખવાડિયા"ની શરૂઆત

**'સ્વચ્છતા એ જ સેવા' એક પ્રશંસનીય પહેલ હેઠળ સાબરમતીથી વડનગર સુધી "વિશેષ સ્વચ્છતા અભિયાન" ટ્રેન ચલાવવામાં આવી**




"સ્વચ્છતા એ જ સેવા" (SHS) ૨૦૨૫ અભિયાન ૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર ૨૦૨૫ સુધી આયોજિત કરવામાં આવી રહ્યુ છે. આ અભિયાન ૨૦૧૪ માં શરૂ કરવામાં આવેલા સ્વચ્છ ભારત મિશનની ગતિને આગળ વધારે છે અને સ્વચ્છતા પ્રત્યે રાષ્ટ્રીય પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે.

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ગૃહ નગર વડનગર સ્ટેશન પર "એક વૃક્ષ મા ના નામે" હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

આ અવસર પર વડાપ્રધાન ના ૭૫મા જન્મદિવસના ઉપલક્ષ્યમાં તેમના મોટા ભાઈ શ્રી સોમાભાઈ મોદી અને અન્ય જાણીતા મહેમાનો દ્વારા વડનગર સ્ટેશન પર પર માતૃપ્રેમ અને પર્યાવરણ જાગૃતિના સન્માનમાં સ્ટેશન સંકુલમાં ૭૫ છોડ લગાવવામાં આવ્યા. આ દરમિયાન વડનગર સ્ટેશન પર લગભગ ૪૦૦ લોકો ઉપસ્થિત રહ્યા.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે ડીઆરએમ કચેરીમાં રેલવે કર્મચારીઓ અને અધિકારીઓને સ્વચ્છતાની શપથ અપાવી. આ અવસર પર સૌએ દરવર્ષે ૧૦૦ કલાક શ્રમદાન કરવાનો અને અન્ય ૧૦૦ લોકોને આના માટે પ્રેરિત કરવાનો સંકલ્પ લીધો. આ સાથે જ મંડળમાં "સ્વચ્છતા પખવાડિયું" આરંભ થયું, જે ૨ ઓક્ટોબર ૨૦૨૫ સુધી પ્રત્યેક દિવસે વિવિધ પ્રવૃત્તિઓ સાથે મનાવવમાં આવશે.

સ્વચ્છ અને હરિત ભારત પ્રત્યે આપણી સામૂહિક પ્રતિબદ્ધતાને દર્શાવતાં મંડળ રેલવે પ્રબંધક કચેરીમાં કુલ ૫૦૦ થી વધુ કર્મચારીઓએ સ્વચ્છતા શપથ અને શ્રમદાન પ્રવૃત્તિમાં ભાગ લીધો. મંડળ રેલવે વ્યવસ્થાપકે આ દરમિયાન સવર્શ્રેષ્ઠ શ્રમદાન કરનારા ત્રણ સમૂહોને ક્રમશઃ પ્રથમ ૧૫૦૦૦, દ્વિતીય ૧૦૦૦૦ અને તૃતીય ૫૦૦૦ રૂપિયા રોકડા ઈનામ આપવાની જાહેરાત પણ કરી. આ દરમિયાન મંડળના વિવિધ સ્ટેશનો, જેમ કે મંડળ કચેરી, સાબરમતી, ચાંદલોડિયા, પાલનપુર, મહેસાણા, પાટણ, ભુજ, વડનગર સ્ટેશન, ડીઝલ શેડ વગેર પર વ્યાપક સ્તરે શ્રમદાન કરી સ્ટેશનો અને રેલવે સંકુલોને સ્વચ્છ બનાવવામાં આવ્યા. જેમાં લગભગ ૧૫ ટ્રક કચરો એકઠો કરીને નિકાલ કરવામાં આવ્યો. આ વખતે મંડળમાં સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે એક-એક રેલવે અધિકારીના સંકલનમાં રેલવે કર્મચારીઓની સાથે સમૂહ બનાવીને શ્રમદાન કરવામાં આવ્યું.

● સાબરમતી થી વડનગર સુધી એક વિશેષ સ્વચ્છતા અભિયાન ટ્રેન

'સ્વચ્છતા એ જ સેવા' ની ભાવનાને અનુરૂપ એક પ્રશંસનીય પહેલ હેઠળ સાબરમતીથી વડનગર સુધી એક વિશેષ સ્વચ્છતા અભિયાન ટ્રેન ચલાવવામાં આવી, જે ફક્ત અંતર કાપવાનું જ નહીં, પરંતુ સ્વચ્છતા અને નાગરિક જવાબદારી પ્રત્યે સમર્પણનું પ્રતિક બની. આ આયોજન સાબરમતી રેલવે સ્ટેશન પર સિનિયર મંડળ મિકેનિકલ એન્જિનિયર (કોચિંગ) અમદાવાદ દ્વારા અપાવવામાં આવેલી શપથની સાથે આરંભ થયું, જેમાં રેલવે સ્ટાફ અને સમર્પિત એનજીઓ સ્વંયસેવકોએ ભાગ લીધો. આ શપથ સમારંભ સ્વચ્છતા, સતતતા અને સક્રિય નાગરિકતા પ્રત્યે આપણી સામૂહિક પ્રતિબદ્ધતાનો એક પ્રભાવશાલી પુનઃ સંકલ્પ હતો.

શપથ ઉપરાંત સાબરમતી સ્ટેશન પર એક વ્યાપક શ્રમદાન અને ગહન સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું. દરેક ખૂણાને પૂરી લગન અને એકજૂથતાની સાથે સાફ કરવામાં આવ્યો, જ્યાં તમામ સહભાગીઓ- રેલવે સ્ટાફ, સ્વંયસેવક અને અધિકારીએ ખભાથી ખભો મેળવીને કામ કર્યુ. આ પછી સ્વચ્છતા વિશેષ ટ્રેને પોતાની યાત્રા આરંભ કરી જે સાબરમતી, ખોડિયાર, કલોલ, ઝૂલાસણ, ડાંગરવા, આંબલિયાસણ, મહેસાણા, વિસનગર અને વડનગર જેવા મુખ્ય સ્ટેશનો પર રોકાઈ. દરેક રોકાણ પર રેલવે કર્મચારીઓએ સફાઈ અભિયાનો અને જનજાગૃતિ પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગીદારી કરી, જેનાથી સ્ટેશન વધુ સ્વચ્છ અને યાત્રીઓ અને સમુદાય માટે સ્વાગતયોગ્ય બની શકે.

અમદાવાદ મંડળ આ અભિયાનને સફળ બનાવવા માટે મોટા પાયે પ્રચાર કરી રહ્યુ છે અને આમાં ખાનગી સંગઠનો, બિન-સકારી સંગઠનો (NGOs) અને સમાજસેવકોને પણ સક્રિયરૂપે સામેલ કરવામાં આવી રહ્યા છે.

## અમદાવાદમાં રૂ.૧૫.૫ લાખમાં મકાન ખરીદ્યુ છતાં અશાંત વિસ્તાર ધારાના કારણે મકાન મળ્યુ નહી : ત્રાસ અને ધમકીના પગલે મુસ્લીમ કિશોરીએ કરી આત્મહત્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં એક ચોંકાવનારી ઘટનામાં ગોમતીપુરની ૧૫ વરસની છોકરી સાનિયા અંસારીએ ગયા મહિને પોતાના જ ઘરમાં આત્મહત્યા કરી લીધી હતી. તેના પરીવારે પડોશમાં આવેલુ એક મકાન ખરીદ્યુ હતુ, જેના પછી તેમને મહિનાઓ સુધી હેરાનગતિ અને ધમકીઓનો સામનો કરવો પડયો હતો. જેના કારણે સાનિયાએ આત્મહત્યા કરી લીધી હતી. જો કે તેના મુળમાં સમગ્ર ઘટનાના મુળમાં ગુજરાતનો અશાંતધારો એકટ છે.



અંસારી પરીવારે એક હિન્દુ પાડોશી પાસેથી ૧૫.૫ લાખ રૂપીયામાં મકાન ખરીદ્યુ હતું. ડીસેમ્બર ૨૦૨૪ સુધીમાં તેઓએ સંપૂર્ણ રકમ ચુકવી દીધી હતી પરંતુ તેઓ કબ્જે મેળવે તે પહેલા જ મકાન વેચનારના પતિનુ અવસાન થયુ, થોડા દિવસ બાદ વેચનારનો પુત્ર ઘરે પાછો ફર્યો, અને અહીંથી જ સમગ્ર વિવાદ શરૂ થયો, આ ઘર અંસારી પરીવારના હાલના ઘરની સામે હતુ અને તે ટુંક સમયમાં તેમના માટે મુશ્કેલી, સંઘર્ષ અને નફરતનુ કારણ બની ગયુ, અંસારી પરીવારનો દાવો છે કે જયારે પણ તેઓ તેમની નવી મિલ્કતનો કબ્જો મેળવવાની માંગ કરતા હતા ત્યારે વેચનાર સુમન સોનાવડે, બહાના બનાવતો હતો, સોનાવડેનો પુત્ર દિનેશ, પરીવારને ધમકાવવા લાગ્યો અને ડીસ્ટબર્ડ એરીયાઝ એકટ નો ઉલ્લેખ કરીને સોદો રદ કરવાની ધમકી આપતો હતો. સાનિયાની બહેન રીફાત જહાંએ મીડીયાને કહ્યુ હતુ કે તેઓ સાનિયાને વાળ થી ખેંચી તેને માર માર્યો અને અમને લાત મારી, રીફાતે ૭ ઓગસ્ટના રોજ બનેલી ઘટનાનુ મીડીયા સમક્ષ વર્ણન કર્યુ હતું. જયારે વેચનારના પુત્રની સાથે સ્થાનિક લોકો તેમના ઘરમાં ઘુસી ગયા હતા. બે દિવસ બાદ સાનિયાએ ૪ લોકોના નામ સાથે એક સ્યુસાઈડ નોટ છોડી દીધી હતી, સ્યુસાઈડ નોટમાં તેમના પર પૈસા મળ્યા પછી ઘર ન આપવાનો અને મહિનાઓ સુધી હેરાન કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો.

આ વિવાદના મુળમાં ૧૯૯૧ માં લવાયેલા ડીસ્ટબર્ડ એરીયાઝ એકટ છે. આ કાયદાનો હેતુ સાંપ્રદાયીક રીતે સંવેદનશીલ વિસ્તારોમાં મિલ્કતને અન્ય કોમના લોકોને વેચવા પર પ્રતિબંધ મુકવાનો છે. આ કાયદા હેઠળ આવી મિલ્કતના વેચાણ માટે જિલ્લા કલેકટરની પૂર્વ પરવાનગી ફરજીયાત છે. સાનિયાના કિસ્સામાં પડોશીઓએ તેમને આ કાયદા હેઠળ કાનુની કાર્યવાહીની ધમકી આપી હોવાના અહેવાલ છે. પરીવાર કહે છે કે આ ડર તેમને પોલીસ પાસે જવાથી રોકે છે. સાનિયાના કેસ અંગે સામાજિક કાર્યકર કલીમ સીદીકી કહે છે કે આવા કાયદાઓનો ઉપયોગ મુસ્લીમોને નવા વિસ્તારોમાં સ્થાયી થવાથી રોકવા માટે થાય છે. સીદીકીએ આરોપ મુકયો હતો કે આવા પરીવારોનુ રક્ષણ કરવાને બદલે, આ કાયદો તેમને તેમના અધિકારોથી વંચિત રાખવાનુ હથિયાર બની ગયો છે. તે મુસ્લીમોને કહે છે કે તમારી પાસે પૈસા હોઈ શકે છે પરંતુ તમારે કયાં રહેવુ તે પસંદ કરી શકતા નથી.

પરીવારે આરોપ લગાવ્યો કે તેમને એફઆઈઆર નોંધવા માટે પોલીસ પર દબાણ કરવુ પડયુ, હુમલાના સીસીટીવી ફુટેજ અને સ્યુસાઈડ નોટ હોવા છતાં પોલીસે શરૂઆતમાં એફઆઈઆર નોંધવાનો ઈન્કાર કર્યો હતો. અધિકારીઓએ મૃત્યુને અકસ્માત ગણાવ્યો હતો અને સ્યુસાઈડ નોટને ફોરેન્સિક તપાસ માટે મોકલી હતી. પોલીસ કમિશ્નર જીએસ મલીકના હસ્તક્ષેપ બાદ જ એફઆઈઆર માં ૬ લોકોના નામ દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં એક સગીરને આત્મહત્યા માટે ઉશ્કેરવા સહિતના આરોપોનો સમાવેશ થાય છે.

પરીવારના વકીલ સત્યેશ લેઉવાએ જણાવ્યુ હતુ કે એફઆઈઆરમાં ઘણી મહત્વપૂર્ણ હકીકતો અવગણવામાં આવી હતી. અમારે એફઆઈઆર નોંધવા માટે પણ મહેનત કરવી પડી હતી. શરૂઆતની એફઆઈઆરમાં આત્મહત્યાનો ઉલ્લેખ હતો પરંતુ ત્રાસ આપવાનો અને માર મારવાનો ઉલ્લેખ ન હતો. ગોમતીપુર પીઆઈ ડી વી રાણાએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે આરોપીઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. અમે એફએસએલના રીપોર્ટની રાહ જોઈ રહ્યા છીએ. જેથી નકકી કરી શકાય કે સ્યુસાઈડ નોટ ખરેખર એ જ છોકરી દ્વારા લખાઈ હતી કે નહી. એકવાર તે સાબિત થઈ જાય, પછી અમે વધુ તપાસ કરીશુ, સાનિયાએ પોતાની સ્યુસાઈડ નોટમાં લખ્યુ છે કે છેલ્લા ૧૦ મહિનાથી મારા ઘરમાં તેમના કારણે કોઈ ખુશી નથી, પાડોશી કે પોલીસ, કોઈ તેમની મદદ માટે આવ્યુ નથી, જો કે આ કોઈ એકલ દોકલ ઘટના નથી, વરસોથી નાગરીક અધિકાર જુથોએ નોંધ્યુ છે કે કેવી રીતે અશાંત વિસ્તાર ધારાનો ઉપયોગ મુસ્લીમોને મિશ્ર વિસ્તારોથી દુર રાખવા માટે થાય છે. ૨૦૧૯ માં આ કાયદામાં સુધારાના કારણે પરવાનગી મેળવવાનુ વધુ મુશ્કેલ બન્યુ છે.

પીપલ્સ યુનિયન ફોર સીવીલ લીબર્ટીઝ ના રાષ્ટ્રીય સચિવ પ્રસાદ ચાકો માને છે કે અશાંત વિસ્તારો અધિનિયમ જેનો હેતુ ડીસ્ટ્રેસ સેલ ને કારણે વસ્તી વિષેયક સંતુલનને રોકવાનો છે. તે હવે મુસ્લીમોને હેરાન કરવા અને ડરાવવાનુ બીજુ શસ્ત્ર બની ગયુ છે. ગુજરાત લઘુમતી સંકલન સમિતિ (એમસીસી) કહે છે કે આ કાયદાનો ઉપયોગ મુસ્લીમોને ચોકકસ વિસ્તારોમાં મર્યાદીત કરવા માટે તેમને વ્યવસ્થિત રીતે હાંસીયામાં ધકેલી દેવા માટે થઈ રહ્યો છે. સમિતિના કન્વીનર મુજાહીદ નફીસે કહ્યુ હતુ કે જયાર થી ભાજપ સત્તા માં આવી છે ત્યારથી તેઓ મુસ્લીમોને હિન્દુ વિસ્તારોથી દુર રાખી રહ્યા છે.

# હું મારી મર્યાદામાં અધિકારીને ભલામણ કરૂ છું પરંતુ અધિકારીઓ કામ ન કરે તો હું શું કરૂ ? : સાંસદ ભરતસિંહ ડાભીના પીએ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપ સરકારમાં અધિકારીઓ કામ કરતા નથી તેવુ ખુદ ભાજપના પાટણના સાંસદ ભરતસિંહ ડાભી ના જવાબદાર વ્યકિત (પીએ) ચિંતન પ્રજાપતિએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું.

પાટણ સાંસદ ભરતસિંહ ડાભીના જવાબદાર વ્યકિત (પીએ) ચિંતન પ્રજાપતિએ કહ્યુ હતુ કે ભલામણ કરવી સાંસદ સાહેબના હાથમાં છે પરંતુ હું મારી મર્યાદામાં અધિકારીઓને ભલામણ કરૂ છું પરંતુ



અધિકારીઓ કામ ન કરે તો હું શુ કરૂ ? આમ હવે પાટણ સાંસદ ભરતસિંહ ડાભીના સરકારમાં કામો ન થતા પ્રજાને રામ ભરોસે છોડી દેતા પ્રજામાં ભભુકી ઉઠયો છે. કહેવાય છે કે સાંસદ ભરતસિંહ ડાભીને હરાવવા માટે મેદાનમાં આવેલા સિધ્ધપુરના ધારાસભ્ય અને હાલના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતે પુર પીડીતોને આપવામાં આવતી સહાયના ચેકો પર સાંસદ ભરતસિંહ ડાભીની ગેરહાજરીમાં પુરપીડીતોને ચેકોનુ વિતરણ કરતા જિલ્લામાં કયાંક ભાજપનો જુથવાદ ચાલી રહ્યો હોય તેવુ પણ ચર્ચાઈ રહ્યુ છે.

### સરકારી પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલની ભલામણને પણ ગૃહમંત્રી દ્વારા ધ્યાને ન લેવાઈ

# ભાજપનો જુથવાદ હવે મંત્રી મંડળમાં જોવા મળ્યો : ગૃહમંત્રી મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા મંત્રી મંડળમાં કચવાટ

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપનો જુથવાદ હવે રાજયના જિલ્લા અને તાલુકાઓ બાદ હવે રાજય સરકારના મંત્રી મંડળમાં જોવા મળી રહ્યો છે. ઈતિહાસમાં કયારેય જોવા ન મળ્યો હોય તેવો જુથવાદ હાલમાં મંત્રી મંડળમાં જોવા મળતા મુખ્યમંત્રીની છબી ખરડાતી હોવાના સંકેતો જોવા મળી રહ્યા છે.

લોકમુખે ચર્ચાયેલ મુજબ ગૃહમંત્રીના કાર્યાલયે ૧૦ હજાર થી વધુ ભલામણો ધારાસભ્યો અને મંત્રીઓની ધુળ ખાઈ રહી છે. ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે ગૃહમંત્રી ધારાસભ્યો અને મંત્રીઓની ભલામણો કેમ ધ્યાને લેતા નથી ? કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યો અને સાંસદોની ભલામણો ઉપર ધ્યાન ન આપે, પરંતુ અહીંયા તો સત્તાધારી પક્ષ ભાજપના ધારાસભ્યો અને મંત્રીઓની ભલામણો ધ્યાને ન લેતા મંત્રી મંડળમાં કચવાટ ઉભો થવા પામ્યો છે. કહેવાય છે કે આ મામલે મીડીયા દ્વારા સરકારી પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલને પુછવામાં આવતા સરકારી પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલ દ્વારા દરમિયાનગીરી કરવામાં આવી હોવા છતાં ગૃહમંત્રી દ્વારા સરકારી પ્રવકતા મંત્રી ઋષીકેશ પટેલની ભલામણને ધ્યાને લેવામાં ન આવતા કયાંક મંત્રી મંડળમાં જુથવાદ ચાલી રહ્યો હોય તેવુ લાગી રહ્યુ છે.




# આજે રાહુલ ગાંધી જુનાગઢના કોંગ્રેસની પ્રશિક્ષણ શિબિરમાં હાજરી આપશે

પ્રતિનિધિ,ગાંધીનગર

જુનાગઢમાં કોંગ્રેસ દ્વારા આગામી વિધાનસભાની ચુંટણીઓ પૂર્વે તૈયારીઓના ભાગરૂપે ભવનાથ તળેટી પ્રેરણાધામમાં રાષ્ટ્રીય કક્ષાની પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવી રહી છે. શિબિર અંતિમ ચરણમાં હોઈ આજે તા. ૧૮ મી સપ્ટેમ્બર ના રોજ લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધી ફરીથી આજે શિબિરમાં પહોચશે અને જિલ્લાના હોદ્દેદારો દ્વારા સતત ૭ દિવસ સુધી જ લીધેલી તાલીમ અંગે પણ માહિતગાર થશે અને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરશે.

રાહુલ ગાંધીને આવકારવા કોંગ્રેસ દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે, આજે કેશોદ એરપોર્ટથી જુનાગઢ આવતી વખતે રસ્તામાં વંથલીમાં રાહુલ ગાંધીનુ ભવ્ય સ્વાગત કરાશે. ગુજરાતમાં કોંગ્રેસને ફરી જીવંત કરવા પાર્ટી દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જુનાગઢમાં પ્રેરણાધામ ખાતે



કોંગ્રેસની રાષ્ટ્રીય પ્રશિક્ષણ શિબિર અંતિમ ચરણમાં છે. જેમાં આજે બીજી વખત કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી પહોચશે. પ્રથમ મુલાકાતમાં રાહુલ ગાંધી દ્વારા જિલ્લા ના પ્રમુખો અને હોદ્દેદારોને ધર્મ, નેતૃત્વ અને પ્રજાકીય સમસ્યા સહિતના મુદ્દે સાડા ત્રણ કલાક સંબોધન કર્યુ હતું અને વિપક્ષના પ્રહારના બદલે લોકોના પ્રશ્નો ઉકેલવા તૈયાર થઈ જવા ટીપ્સ આપી હતી. અને રાષ્ટ્રીય કક્ષાનો મુદ્દો જે હાલ ટ્રેન્ડમાં છે તે વોટ ચોરી મામલે પણ કોંગ્રેસ લોકોની વચ્ચે જઈ ડોર ટુ ડોર સંપર્ક કરી મતદારોની અને મતદાતાઓની સ્થિતિ અંગે વાકેફ થવા પ્રયાસ કરશે.

આજે રાહુલ ગાંધી કેશોદ એરપોર્ટથી જુનાગઢ પહોચશે, ત્યારે વંથલી ખાતે તેમનુ ભવ્ય સ્વાગત કરવામાં આવશે, ત્યારબાદ મોટર માર્ગે ભવનાથ તળેટીએ પહોચશે, એક અઠવાડીયામાં જ રાહુલ ગાંધીની જુનાગઢમાં બીજી મુલાકાતથી કોંગ્રેસમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રાહુલ ગાંધીની મુલાકાતથી પોલીસ દ્વારા પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

### બે મહિના સુધી આ યોજના પર જાહેર જનતા પોતાના સુચનો અને વાંધા રજુ કરી શકશે

# હિંમતનગર ખાતે હુડા દ્વારા તૈયાર કરવામાં આવેલ સુચિત વિકાસ યોજના અંગે પ્રવર્તી રહેલી ગેરસમજોથી દુર રહેવા મુખ્ય કારોબારી અધિકારી / શહેરી વિકાસ સત્તા મંડળ (હુડા) શ્રીમતી કિષ્ણા વાઘેલાની શહેરીજનોને અપીલ

પ્રતિનિધિ,ગાંધીનગર

હિંમતનગર શહેરી વિકાસ સત્તા મંડળ (હુડા) દ્વારા તૈયાર કરવામાં આવેલ સુચિત વિકાસ યોજના અંગે હાલમાં કેટલીક ગેરસમજો પ્રવર્તી રહી છે. જે અંગે સ્પષ્ટતા કરતા મુખ્ય કારોબારી અધિકારી શ્રીમતી કિષ્ણા વાઘેલાએ જણાવ્યુ હતુ કે ખાસ કરીને એવી માન્યતા ફેલાઈ રહી છે કે ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટે જમીનની સંપૂર્ણ કપાત થઈ જશે, જે વાત સત્ય થી વેગળી છે, નગર રચના યોજના હેઠળ જે જમીનો માળખાકીય સુવિધાઓ માટે આવરી લેવાય છે તેના મુળ માલીકોને નિયમોનુસાર સુવ્યવસ્થિત ફાઈનલ પ્લોટ આપવામાં આવે છે, તેમણે વધુમાં કહ્યુ હતુ કે ભુતકાળના અનુભવો દર્શાવે છે કે આ પ્રક્રિયાથી જમીનના મુલ્યમાં અનેકગણો વધારો થાય છે. આમ આ યોજના ખેડુતો અને જમીન માલીકોના હિતોનુ રક્ષણ કરે છે ન કે તેમનુ નુકશાન,

મુખ્ય કારોબારી અધિકારીએ વધુમાં જણાવ્યુ હતુ કે આ ડ્રાફટ ડેવલપમેન્ટ પ્લાન પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ ગુજરાતને શહેરી વિકાસમાં એક રોલ મોડેલ રાજય બનાવવાની પ્રતિબધ્ધતાનુ પ્રતિબિંબ છે. આ યોજના જીટીપીસીએલ જેવી પ્રતિષ્ઠિત એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવી છે અને તેમાં વ્યાપક જાહેર પરામર્શનો સમાવેશ થાય છે. આ પ્રક્રિયા દરમિયાન હિંમતનગર




વિધાનસભાના ધારાસભ્ય, જિલ્લા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ અને હુડામાં સમાવિષ્ટ ૧૧ ગ્રામ પંચાયતોના સરપંચો જેવા પદાધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ક્રેડાઈ, ડોકટર્સ, બિલ્ડર્સ , વેપારીઓ, એડવોકેટો અને એન્જીનીયરો તેમજ આર્કિટેક જેવા વિવિધ જુથોના પ્રતિનિધિઓ અને ગ્રામ પંચાયતોના સરપંચો તેમજ આગેવાનો પાસેથી પણ મુલ્યવાન મંતવ્યો મેળવીને એક સર્વસમાવેશક ડ્રાફટ પ્લાન બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. શ્રીમતી વાઘેલાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ સુચિત વિકાસ યોજનાનુ નોટીફીકેશન તા. ૮/૯/૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવ્યુ હતું. આગામી બે મહિના સુધી આ યોજના પર જાહેર જનતા પોતાના સુચનો અને વાંધા રજુ કરી શકે છે. અત્યાર સુધીમાં આશરે ૩૫ જેટલી રજુઆતો પ્રાપ્ત થઈ છે અને અમે હજુ પણ વધુ પ્રતિભાવોને આવકારીએ છીએ.

આ યોજનામાં દર્શાવેલ રોડ રસ્તાઓનુ નિર્માણ જરૂરીયાત મુજબ તબકકાવાર કરવામાં આવશે, મુખ્ય કારોબારી અધિકારીએ વધુમાં કહ્યુ હતુ કે ભુતકાળનો ઈતિહાસ દર્શાવે છે કે શહેરી વિકાસ સત્તા મંડળની રચના બાદ ગાંધીનગર (ગુડા) જેવા શહેરોએ ઝડપી વિકાસ સાધ્યો છે. આ યોજનાનો મુખ્ય હેતુ હિંમતનગરના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવાનો છે, અમે સૌને આ વિકાસ પ્રક્રિયામાં સચોટ માહિતીના આધારે સહભાગી થવા વિનંતી કરીએ છીએ.

# અમદાવાદ શહેરમાં ૬૬ ગરબા આયોજકોએ મંજુરી માટે અરજી કરી : પોલીસે એકપણ આયોજકને મંજુરી આપી નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આગામી ૨૨ સપ્ટેમ્બર થી નવલી નવરાત્રીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. રાજયમાં ઠેર ઠેર નવરાત્રી ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે અમદાવાદમાં પણ અનેક સ્થળો પર ગરબાની રમઝટ સાથે તૈયારીઓ શરૂ કરાઈ છે, પોલીસે નવરાત્રીની તૈયારીઓ શરૂ કરી દીધી છે, નવરાત્રીમાં પોલીસ સતત પેટ્રોલીંગ કરશે, તમામ નિયમોના પાલન બાદ પોલીસ દ્વારા આયોજકોને મંજુરી અપાશે તેવુ અમદાવાદ પોલીસ કમિશ્નર મલિકે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતું.



નવરાત્રીના આયોજન અંગે ડીસીપી રીમા મુન્શી એ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં કહ્યુ હતુ કે અમદાવાદમાં નવરાત્રીના ગરબા માટે કુલ ૬૬ આયોજકોએ પોલીસની મંજુરી માટે અરજી કરી છે. પોલીસે હજુ સુધી એકપણ આયોજકને મંજુરી આપી નથી. પોલીસ ગરબાના ગ્રાઉન્ડ પર રૂબરૂ મુલાકાત કરશે, આયોજકો પાસે ફાયર એનઓસી છે કે નહી તેમજ ગરબા તેમજ પાર્કિંગ વિસ્તારમાં સીસીટીવી છે કે નહી તેવા તમામ નિયમોના પાલન બાદ પોલીસ દ્વારા મંજુરી આપવામાં આવશે.

રીમા મુન્શી એ વધુમાં કહ્યુ હતુ કે કોઈપણ ગરબા આયોજકે પાર્કિંગ ની વ્યવસ્થા કરવી પડશે. ગરબાના ગ્રાઉન્ડની આસપાસ ટ્રાફીક જામ ન થાય તે માટે સ્વયં સેવકોની મદદ લેવી પડશે, પોલીસ પણ ગરબા ગ્રાઉન્ડની આસપાસના વિસ્તારોમાં પેટ્રોલીંગ કરશે, ગરબા ગ્રાઉન્ડમાં આયોજકો દ્વારા તૈયાર કરવામાં આવેલા સ્ટેજ જેવા સ્ટ્રકચર માટે પીડબલ્યુડીમાંથી મંજુરી લેવી પડશે. તમામ નિયમોનુ પાલન કર્યા બાદ જ આયોજકોને ગરબાની મંજુરી આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગઈ કાલે અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર જીએસ મલીક દ્વારા જણાવાયુ હતુ કે પોલીસે નવરાત્રીની તૈયારીઓ શરૂ કરી દીધી છે.

નવરાત્રીમાં પોલીસ સતત પેટ્રોલીંગ કરશે, નવરાત્રી સમયે શી ટીમ પણ પેટ્રોલીંગ કરશે. લોકો કાયદામાં રહીને નવરાત્રી ઉજવે તેવી અપીલ કરવામાં આવી હતી. નોટીફીકેશન પ્રમાણે નવરાત્રીમાં ગરબાનો સમય ૧૨ વાગ્યા સુધી નો છે. કોઈપણ દુર્ઘટના થાય તો પીસીઆર વાનને કોઈ હદ નહી નડે, પહેલા હદની સમસ્યાને કારણે કોઈ પ્રતિસાદ મળતો ન હતો. ટ્રાફીક નિવારવા માટે વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવાશે, એસજી હાઈવે અને સિંધુ ભવન રોડ પર પોલીસ બંદોબસ્ત ગોઠવાશે.

# ભાજપે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ સંસ્કારનો ખર્ચ ઉઠાવવાનો ઈન્કાર કરતા ગુજરાતમાં રાજકીય વિવાદ

### સૌરાષ્ટ્ર ભાજપના બે મોટા દિગ્ગજ નેતાઓના ઈશારે ૨૫ લાખ જેટલો ખર્ચ ચુકવવાનો ઈન્કાર કરાયાની ચર્ચાએ જોર પકડયું

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપમાં હાલ એક મોટો રાજકીય વિવાદ ઉભો થયો છે, એવી વાત બહાર આવી છે કે પાર્ટીએ પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અંતિમ સંસ્કારનો ખર્ચ ઉઠાવવાનો ઈન્કાર કર્યો છે જેના કારણે તેમના પરીવારને અંદાજે ૨૫ લાખ રૂપીયાના બીલ પોતે ચુકવવા પડી રહ્યા છે. ગુજરાત ભાજપના પ્રમુખ અને કેન્દ્રીય જળમંત્રી સી આર પાટીલને જયારે રાજકોટમાં આ અંગે મીડીયા દ્વારા સવાલો પુછવામાં આવ્યા ત્યારે તેઓ સીધો જવાબ આપવાથી બચ્યા હતા અને ચુપકીદી સાધી લીધી હતી. તેમની આ પ્રતિક્રિયાએ સૌરાષ્ટ્ર ભાજપમાં ગંભીર આંતરીક મતભેદોની અટકળોને વેગ આપ્યો છે. સીઆર પાટીલ રવિવારે રાજકોટના રેસકોસ મેદાનમાં યોજાયેલા નમોત્સવ કાર્યક્રમમાં હાજરી




આપવા પહોચ્યા ત્યારે સ્વ.વિજય રૂપાણીના અંતિમ સંસ્કારનો ખર્ચ ચુકવવા પાર્ટીએ કરેલા ઈન્કાર અંગે પુછવામાં આવ્યુ હતું. આ ખર્ચ અંદાજે ૨૫ લાખ રૂપીયાની આસપાસ હોવાનુ કહેવાય છે. આ વિવાદ રૂપાણીના અંતિમ સંસ્કારના ૩ મહિના બાદ બહાર આવ્યો છે. ૧૬ જુન ૨૦૨૫ ના રોજ રાજકોટમાં અંતિમ સંસ્કાર વખતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને અનેક ટોચના ભાજપના નેતાઓ અને હજારો કાર્યકરો તેમજ નાગરીકો હાજર રહ્યા હતા. મહાનુભાવો અને હજારો લોકો આવવાના હોઈ ટેન્ટ, ફુલો સહિતની વ્યવસ્થા કરાઈ હતી. જો કે તે ખર્ચ સામે આવેલા બિલ ભાજપે ચુકવ્યા ન હતા. પરંતુ આ બીલો રૂપાણીના દુઃખી પરીવારને આપવાનુ કહેવામાં આવ્યુ હતું. સુત્રોના કહેવા પ્રમાણે જુલાઈ સુધીમાં પરીવારના સભ્યોને આ વાતની જાણ થઈ ત્યારે થઈ જયારે વેપારીઓ પૈસાની માંગણી સાથે તેમના ઘર સુધી પહોચ્યા, આ અસહજ પરીસ્થિતિમાં રૂપાણીના પરીવારજનો મજબુર થઈને બિલો ચુકવવા લાગ્યા છે. જયારે પાર્ટીમાં વિશ્વાસઘાતની ચર્ચાઓ થઈ રહી છે. રાજકોટમાં સી આર પાટીલે સર્કિટ હાઉસમાં ધારાસભ્યો અને સંગઠનના નેતાઓ સાથે બંધ બારણે બેઠકો કરી હતી. બહાર મીડીયાએ તેમને પ્રશ્નોને લઈ ઘેરીને પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. ભારત પાકિસ્તાન ક્રિકેટ મેચ અંગે પુછવામાં આવતા તેમણે જવાબ આપવાનુ ટાળીને આગળ વધી ગયા હતા. પરંતુ જયારે રૂપાણીના અંતિમ સંસ્કાર ના ખર્ચ અંગે પુછવામાં આવ્યુ ત્યારે તેમણે અસ્પષ્ટ રીતે કહ્યુ આ નમોત્સવનો પ્રસંગ છે. હું ચોક્કસપણે પછી જવાબ આપીશ તેવુ કહીને તેઓ ઝડપથી આગળ વધી ગયા હતા. ભાજપના આંતરીક સુત્રોના કહેવા પ્રમાણે ખર્ચ ચુકવવાનો ઈન્કાર કરવાનો નિર્ણય સૌરાષ્ટ્રના બે મોટાઓએ લીધો હતો. જે આંતરીક મતભેદો દર્શાવે છે. જયાં કેટલાક વરીષ્ઠ નેતાઓનુ માનવુ છે કે પાટીલનુ મૌન આ મુદ્દાની સંવેદનશીલતા દર્શાવે છે. જયારે કેટલાકનો દાવો છે કે આ ગુજરાતમાં આવનારી રાજકીય ઉથલપાથલ નો આ સંકેત છે. આ વિવાદ રાજકોટ અને સૌરાષ્ટ્રમાં ચર્ચાઈ રહ્યો છે, કેટલાક કાર્યકરો આ અંગે ખુલ્લેઆમ અસંતોષ વ્યકત કરી રહ્યા છે. સ્વજનના દુઃખમાં ડુબેલા રૂપાણી પરીવારને હવે આર્થિક બોજ હેઠળ જોઈને કાર્યકરોમાં રોષ વ્યાપો છે. તો બીજી તરફ ગુજરાત ભાજપના નેતૃત્વમાં તિરાડો પણ દેખાઈ રહી છે. એક પૂર્વ મુખ્યમંત્રીને ગૌરવપૂર્ણ વિદાય આપવાનો પ્રસંગ હવે રાજકીય વિવાદમાં ફેરવાઈ ગયો છે જેના કારણે મહત્વના ચુંટણીઓ અગાઉ પાર્ટીની છબી ખરાબ થવાની દહેશત પણ કેટલાક કાર્યકરો વ્યકત કરી રહ્યા છે.

# વડાપ્રધાન મોદીની ભાવનગરની મુલાકાત સંદર્ભે ૧૫ જેટલા આઈએએસ અધિકારીઓને ખાસ જવાબદારી સોંપાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા. ૨૨ સપ્ટેમ્બર ના રોજ ભાવનગરની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારના જનરલ એડમીનીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટના એડીશનલ સેક્રેટરીએ ૫ આઈએએસ અને ૧૦ ગેસ કેડરના અધિકારીઓને વડાપ્રધાનના કાર્યક્રમ માટે ખાસ જવાદબારી સોંપી છે. અને આ તમામ ૧૫ અધિકારીઓને ગુજરાત મેરીટાઈમ બોર્ડના હવાલે કરવામાં આવ્યા છે.

આઈએએસ કેડરના જે ૫ અધિકારીઓને વડાપ્રધાનના કાર્યક્રમ માટે વધારાની જવાબદારી સોંપવામાં આવી છે તેમાં ધોલેરા સર પ્રોજેકટ ના ચીફ એકઝીકયુટીવ ઓફીસર ડો.



કુલદીપ આર્ય , ગુજરાત ઈન્ફોમેટીક લીમીટેડના મેનેજીંગ ડીરેકટર અરવિંદ વી., એડીશનલ ઈન્ડસ્ટ્રીયલ કમિશ્નર રોહિત એન. ડોડીયા, ગુજરાત મેડીકલ સર્વિસ કોર્પોરેશનના મેનેજીંગ ડીરેકટર ડી કે બ્રહ્મભટ્ટ , ગુજરાત લાઈવલી હુડ પ્રમોશન કંપનીના મેનેજીંગ ડીરેકટર એસ કે પટેલનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ગેસ કેડરના જે અધિકારીઓનો સમાવેશ કરાયો છે તેમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીના એડીશનલ કલેકટર આર ડી સીંઘ , ગુજરાત સેન્ટ્રલ કો ઓપરેટીવ એસોસીએશનના મેનેજીંગ ડીરેકટર આર એચ ગઢવી, ગાંધીનગર ખાતે આવેલી કમિશ્નર ઓફ મ્યુનિસીપાલીટી એડમીનીસ્ટ્રેશનના ડેપ્યુટી મ્યુનીસીપલ કમિશ્નર વાય ડી ગોહીલ, ડી વી પ્રજાપતિ સીવીલ સપ્લાય ડીપાર્ટમેન્ટના જોઈન્ટ ડાયરેકટર, સી એ ગાંધી, સર્વશિક્ષા અભિયાનના એડીશનલ ડીરેકટર એમ એમ પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી રાજ પીપળાના ડીરેકટર વાય એસ ચૌધરી, ગુજરાત પંચાયત સર્વિસ સેકશન બોર્ડના સેક્રેટરી એમ કે જોશી, ડીરેકટર ઓફ સ્કુલ ના જોઈન્ટી ડીરેકટર એસ જી પટેલીયા અને લીગલ મેટ્રોલોજીના કંટ્રોલર આર આર ગોહિલનો સમાવેશ થાય છે.

# રસ્તા પર ભજીયા-સમોસા તળાયા : મોદીના જન્મદિને એનએસયુઆઈ કાર્યકરોએ બેરોજગારીને લઈને કર્યો વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

આજે ૧૭ સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ૭૫ મો જન્મદિવસ દેશભરમાં ધામધુમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો, જયાં એકતરફ ભારતીય જનતા પાર્ટી અને તેના સમર્થકો દ્વારા વિવિધ કાર્યક્રમો, સેવા ઝુંબેશો અને ઉજવણીઓ યોજવામાં આવી હતી.




તો બીજી તરફ કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ, નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડીયા (એનએસયુઆઈ) એ દેશભરમાં આજના મોદીના જન્મદિને બેરોજગારી દિવસ તરીકે ઉજવીને વિરોધ પ્રદર્શન કર્યુ હતું. અમદાવાદની ગુજરાત યુનિર્વસિટી ખાતે એનએસયુઆઈના કાર્યકરોએ ભજીયા તળવા, બુટ પોલીશ કરવા અને રસ્તો રોકવા જેવી પ્રતિકાત્મક કાર્યવાહીઓ કરી જેના પગલે પોલીસે તેમની અટકાયત કરી હતી. આ ઘટનાએ રાજકીય વાતાવરણમાં ગરમાવો લાવી દીધો હતો અને બેરોજગારીના મુદ્દે ચર્ચાઓને વેગ મળ્યો હતો. અમદાવાદની ગુજરાત યુનિર્વસિટી ખાતે એનએસયુઆઈના કાર્યકરોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસના અવસરે એક અનોખુ વિરોધ પ્રદર્શન યોજયુ હતું આ વિરોધનુ મુખ્ય કારણ હતુ દેશમાં વધતી બેરોજગારી, જેના માટે એનએસયુઆઈને વડાપ્રધાન અને કેન્દ્ર સરકારની નીતીઓને જવાબદાર ગણાવી, એનએસયુઆઈના કાર્યકરોએ આ દિવસને બેરોજગારી દિવસ તરીકે ઉજવવાનુ નકકી કર્યુ હતું. તેના ભાગરૂપે પ્રતિકાત્મક કાર્યવાહીઓ કરી હતી. ગુજરાત યુનિર્વસિટીના ગેટની બહાર એનએસયુઆઈના કાર્યકરોએ રસ્તા પર બેસીને ભજીયા અને સમોસા તળવાનુ શરૂ કર્યુ હતું. આ કાર્યવાહીનો હેતુ એ દર્શાવવાનો હતો કે યુવાનોને રોજગારના અભાવે આવા નાના મોટા વ્યવસાયો કરવા મજબુર થવુ પડે છે. આ ઉપરાંત કેટલાક કાર્યકરોએ બુટ પોલીશ કરીને પણ વિરોધ કર્યો હતો. જે બેરોજગારીની ગંભીરતાને પ્રકાશિત કરવાનુ એક પ્રતિકાત્મક પગલુ હતું. આ દરમિયાન કાર્યકરોએ સુત્રોચ્ચાર સાથે એક રેલી પણ યોજી હતી. જેમાં બેરોજગારી હટાવો, રોજગારી લાવો જેવા સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. જો કે આ વિરોધ લાંબો સમય ચાલ્યો નહી, ગુજરાત યુનિર્વસિટી બહારનો રસ્તો રોકાતા, અમદાવાદ પોલીસે તાત્કાલીક પગલા લીધા હતા. પોલીસે એનએસયુઆઈના કાર્યકરોની ટીંગાટોળી કરી અને તેમની અટકાયત કરી હતી. આ ઘટનાએ સ્થાનિક વાતાવરણમાં ગરમાવો લાવી દીધો હતો અને સોશીયલ મીડીયા પર પણ આ વિરોધની ચર્ચા શરૂ થઈ હતી.

એનએસયુઆઈના નેતા પ્રવિણસિંહ વણોલે આ વિરોધનુ નેતૃત્વ કરતા જણાવ્યુ હતુ કે અમે આજના દિવસને બેરોજગારી દિવસ તરીકે ઉજવીએ છીએ કારણ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના યુવાનોને રોજગારીના જે વાયદા કર્યા હતા તે પુરા થયા નથી, દેશના યુવાનો આજે રોજગારની શોધમાં ભટકી રહ્યા છે અને ઘણા નાના મોટા કામો કરવા મજબુર બન્યા છે. આ વિરોધ એક પ્રતિકાત્મક તરીકે યુવાનોની આ વેદનાને વ્યકત કરવાનો પ્રયાસ છે. એનએસયુઆઈનો આ આક્ષેપ દેશમાં ચાલી રહેલી બેરોજગારીની સમસ્યા પર કેન્દ્રીત છે. ભારતમાં બેરોજગારીનો દર ગયા કેટલાક વરસોમાં વધ-ઘટ થયો રહ્યો છે અને ખાસ કરીને યુવાનોમાં રોજગારની તકો ની અછત એક મોટો મુદ્દો બન્યો છે. એનએસયુઆઈનુ કહેવુ છે કે સરકારે ૨૦૧૪ અને ૨૦૧૯ ની ચુંટણીઓ દરમિયાન દર વરસે ૨ કરોડ નોકરીઓનુ સર્જન કરવાનો વાયદો કર્યો હતો. જે હજુ સુધી પુરો થયો નથી. આ વિરોધ દ્વારા એનએસયુઆઈએ યુવાનોની આ નારાજગીને વાચા આપવાનો પ્રયાસ કર્યો હતો.